નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :26 OCTOBER 2024 | SATURDAY | Page :8 | Year : 2 | Issue :178 | Price: 2/-




દાના વાવાઝોડુ દાનવ બન્યુંઃ ઓડિશાને ધમરોળ્યુ

જુઓ પેજ નં.૩




## મસ્જીદ ડિમોલીશનઃ સોમનાથ મંદિર પાસે ખાલી કરાવાયેલી જમીન હાલ યથાવત રખાશે

નવી દિલ્હી.તા.૨૬

સોમનાથના વિખ્યાત મંદિર પાસેની સરકારી જમીનોમાં થયેલા દબાણ હટાવાયા બાદ આ અંગે સુપ્રીમ કોર્ટમાં પહોંચેલા વિવાદમા આજે રાજય સરકારે ખાતરી આપી હતી કે દબાણ બાદ ખુલ્લી કરાવાયેલી જમીન આગામી સુનાવણી સુધી કોઈ ત્રીજા પક્ષને સોપાશે નહી. આ ડીમોલીશનને પડકારતી રીટ અરજી મુસ્લીમ પક્ષકારોએ સુપ્રીમમાં કરી છે.ખાસ કરીને સુપ્રીમકોર્ટ હાલમાં જ બુલડોઝર કામગીરી પર આપેલા સ્ટે સંદર્ભમાં આ અરજી કરવામાં આવી છે. આ અગાઉ ગુજરાત હાઈકોર્ટમાં થયેલી અરજી પર હાઈકોર્ટે કોઈ સ્ટે કે યથાવત સ્થિતિ જાળવી રાખવા મુદે આદેશ આપ્યો ન હતો જેની સામે અરજદારે સુપ્રીમમાં ગયા હતા.સમસ્ત પટણી મુસ્લીમ જમાત દ્વારા આ અરજી કરવામાં આવી છે. તેમના વતી સીનીયર ધારાશાસ્ત્રી કપીલ સીબ્બલ રોકાયા છે. તેઓએ દલીલ કરી કે સરકારી જમીન પર જે મંદિર ઉભુ છે તેને તોડી પડાયુ નથી પણ દરગાહ તોડી પડાઈ છે.

તેઓએ એવી પણ દલીલ કરી કે સમીતી નજીક હોવાથી આ ડીમોલીશન થયું છે પણ દરગાહ એ હેરીટેજ કક્ષાની હતી તે તથા કબ્રસ્તાનને બુલડોઝરના શિકાર બનાવાયા છે. જો કે ગુજરાત સરકાર વતી રજુ થયેલા સોલીસીટર જનરલ તુષાર મહેતાએ કપીલ સિબ્બલની આ દલીલો ફગાવી હતી. અને જણાવ્યું કે ફકત જાહેર સરકારી જમીન પરનું દબાણ હટાવાયુ છે.

ઉપરાંત તે કોઈ રક્ષીત સ્મારક ન હતું અને સુપ્રીમ કોર્ટને ગેરમાર્ગે દોરવામાં આવી રહી છે. આ તકે અરજદાર વતી રજુ થયેલા એડવોકેટ હુઝેફા અહમદીએ દાવો કર્યો કે ૧૯૦૩માં આ જમીન અગાઉના રાજાએ સુપ્રત કરી હતી અને વકફ દ્વારા તેને રક્ષિત સ્મારક જાહેર કરાયું હતું.

## સંપૂર્ણ જ્ઞાનવાપીનો સરવે કરાવવાની હિન્દુ પક્ષકારોની માગ કોર્ટે ફગાવી

### મંદિર તોડી મસ્જિદ બનાવાઈ હોવાનો દાવો કરી રહેલા હિન્દુઓને ફટકો

જ્ઞાનવાપી : જ્ઞાનવાપીને લઈને હિન્દુ પક્ષકારોને મોટો ઝટકો લાગ્યો છે. વારાણસીના સિવિલ જજ સીનિયર ડિવીઝન ફાસ્ટ ટ્રેકે જ્ઞાનવાપીનો એએસઆઇ સરવે કરાવવાની માગ કરતી અરજી રદ કરી નાખી છે. જ્યારે જ્ઞાનવાપી મામલામાં હિન્દુ પક્ષના વકીલ વિજય શંકર રસ્તોગીએ કહ્યું હતું કે કોર્ટે એએસઆઇ દ્વારા પુરા જ્ઞાનવાપી ક્ષેત્રની સુરક્ષા સિવાયના વિસ્તારમાં સરવે કરાવવાની અમારી માગણી નકારી દીધી છે.

હિન્દુ પક્ષકારોએ સંપૂર્ણ જ્ઞાનવાપી મસ્જિદનો સરવે કરાવવાની માગણી કરતી અરજી કરી હતી. અરજદારોના વકીલ વિજય શંકર રસ્તોગીએ કહ્યુ હતું કે અમારી માગણીને ફગાવતા કોર્ટના આદેશનો અમે અભ્યાસ કરીશું બાદમાં તેને અલ્લાહાબાદ હાઇકોર્ટમાં પડકારવા અંગે વિચારીશું. અરજદારોની માગણી કરી હતી કે કોર્ટ એએસઆઇના ડાયરેક્ટર જનરલને સમગ્ર જ્ઞાનવાપી મસ્જિદનો સરવે કરાવવા આદેશ આપે. જેમાં જીપીઆર, જીયો રેડિયોલોજી સિસ્ટમ વગેરે આધુનિક પદ્ધતીનો ઉપયોગ કરીને સરવે કરાવવામાં આવે. હાલમાં જે ઈમારત છે તેને કોઇ પણ પ્રકારનું નુકસાન પહોંચાડયા વગર આ સરવે કરાવવામાં આવે.

અરજદારના વકીલ રસ્તોગીનો દાવો છે કે જ્ઞાનવાપી મસ્જિદ પ્લોટ નંબર ૯૧૩૦ પર છે જેની બાજુમાં જ પ્લોટ નંબર ૯૧૩૧ અને ૯૧૩૨ આવેલા છે જે ભગવાન આદિ વિશ્વેશ્વર સાથે સંકળાયેલા છે.

જોકે જ્ઞાનવાપી મસ્જિદનું સંચાલન કરનારી અંજુમન ઈન્તેઝામીઆ મસ્જિદ કમિટીએ હિન્દુઓની આ માગણીનો વિરોધ કર્યો હતો.

કોર્ટે હાલ હિન્દુ પક્ષકારોની માગણીને ફગાવી દીધી છે જેને પગલે હવે આ મામલો અલ્લાહાબાદ હાઈકોર્ટ પહોંચી શકે છે. આ પહેલા એએસઆઈએ જ્ઞાનવાપી મસ્જિદના કેટલાક હિસ્સાનો વૈજ્ઞાનિક સરવે કર્યો હતો. હિન્દુ પક્ષકારોનો દાવો છે કે આ મસ્જિદ મંદિર તોડીને બનાવવામાં આવી છે.

## ગુજરાતમાં તાત્કાલિક નવા નાણાં પંચની કરાશે રચના, કેન્દ્રની ફટકાર બાદ જાગી રાજ્ય સરકાર

ગુજરાતમાં પાછલા નાણાં પંચની મુદત વર્ષો પહેલાં વીતી ગયા બાદ છેલ્લા ૮ વર્ષથી નાણા પંચની રચના થઈ નથી. જેને લઈને કેન્દ્રીય નાણાં પંચ ગુજરાત સરકાર પર રોષે ભરાયું છે. કેન્દ્રીય નાણા પંચે તાજેતરમાં ગુજરાતની મુલાકાત લીધી હતી. નાણા પંચની મુલાકાત દરમિયાન આ મુદ્દે ગુજરાતને ચેતવણી આપવામાં આવી છે. ત્યારબાદ રાજ્ય સરકાર તાત્કાલિક નાણાં પંચ રચવાની તૈયારી કરી રહી છે. કેન્દ્રની ૧૫મી નાણાં પંચે પોતાના રિપોર્ટમાં આ બાબતની ચેતવણી આપી છે અને ટકોર કરી છે કે જે રાજ્યોમાં નાણાં પંચની રચના નથી થઈ, તેઓએ વહેલી તકે આ માળખું ઊભું કરવું જોઈએ. નાણાપંચ ન હોવાના કારણે ગુજરાત સરકારનું નાણાં નિયમન ફક્ત સરકારી જાહેરાતોમાં અને સીધી ફાળવણીમાં થઈ રહ્યું છે.નાણાં પંચ દ્વારા નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ, તાલુકા અને જિલ્લા



પંચાયતોમાં નાણાં ફાળવવામાં આવે છે. પરંતુ નાણાં પંચના અભાવે રાજ્ય સરકારના વાર્ષિક અંદાજપત્રની કુલ ફાળવણીઓની ૬ ટકા રકમ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને ફાળવી શકાતી નથી. નાણાં પંચની રચના ન થઈ હોવાથી રાજ્ય સરકાર દ્વારા વપરાશ કરાઈ રહ્યો છે, જેના કારણે સરકાર પર વધારાનો ખર્ચનો બોજો આવ્યો છે. બીજી તરફ ભંડોળ ન ફાળવાતા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની નાણાંકીય સ્થિતિ કથળી ગઈ હતી. કેટલીક પાલિકાઓ અને પંચાયતો પોતાનું વીજબીલ પણ ભરી શકી ન હતી.

તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# ઈઝરાયેલ સૈન્યનું ગ્રાઉન્ડ ઓપરેશન



હમાસનો સફાયો કરવા માટે ગાઝા પટ્ટીનો કચ્ચરઘાણ કાઢ્યા પછી હવે ઈઝરાયેલે લેબનોનમાં હુમલા શરૂ કર્યા છે. લેબનોનમાં પૂર્ણ સ્તરનું અભિયાન શરૂ કર્યા પછી હવે ઈઝરાયેલે હીઝબુલ્લાના આતંકી સ્થળોનો નાશ કરવા પડોશી દેશમાં ગ્રાઉન્ડ ઓપરેશન હાથ ધર્યું છે. આ સમયે તેને દરેક ઘરમાંથી શસ્ત્રોનો મોટો જથ્થો મળી આવતાં સમગ્ર વિશ્વ ચોંકી ઊઠ્યું છે. લેબનોન પર કાર્યવાહી વચ્ચે ઈઝરાયેલે ગાઝાની દક્ષિણે ખાન યુનિસ પર શુક્રવારે હુમલો કરતા ૩૮ લોકોનાં મોત નીપજ્યાં હતા. બીજીબાજુ ઈરાને ઈઝરાયેલ તેના પર હુમલો કરે તો ૧,૦૦૦ જેટલા મિસાઈલોથી યહુદી દેશ પર આક્રમણ કરવાની તૈયારી કરી લીધી છે.

ગાઝાને ધમરોળીને હમાસનો ખાત્મો બોલાવ્યા પછી હવે ઈઝરાયેલે લેબનોનમાં આતંકી સંગઠન હીઝબુલ્લાને નિશાન બનાવ્યું છે. છેલ્લા એક મહિનામાં હીઝબુલ્લાના ટોચના લીડર્સને ખતમ કરવાની સાથે ઈઝરાયેલે હવે લેબનોનમાં ગ્રાઉન્ડ ઓપરેશન શરૂ કર્યું છે.

ઈઝરાયેલના સૈન્યની એટજિયોની બ્રિગેડની ૮૧૦૩ બટાલિયનના કમાન્ડર લેફ્ટનન્ટ કર્નલ એલિશામાન જેકબનું કહેવું છે કે અમે ૨૦૦ દિવસથી રિઝર્વ ડ્યુટીમાં તૈનાત છીએ. પરંતુ આવું દશ્ય ક્યાંય જોયું નથી. લેબનોનના ગામોમાં લગભગ દરેક ઘરોમાં શસ્ત્રોનો જંગી જથ્થો મળ્યો છે, જેમાં હેન્ડ ગ્રેનેડ્સ, મોર્ટાર, એન્ટી-ટેન્ક મિસાઈલ, એસોલ્ટ રાઈફલ, એન્ટી ટેન્ક માઈન અને એન્ટી પર્સનલ ક્લેમોર સ્ટાઈલ માઈન્સનો સમાવેશ થાય છે. જેકબે દાવો કર્યો છે કે આ જથ્થો જોતાં હીઝબુલ્લાહ ઈઝરાયેલ પર ગયા વર્ષના ૭ ઑક્ટોબરે હમાસ જેવો હુમલો કરવાનું કાવતરું ઘડી રહ્યું હતું.તેમણે જણાવ્યું કે, ગયા વર્ષે ૭ ઑક્ટોબરે હમાસે ઈઝરાયેલ પર હુમલો કર્યાના બીજા જ દિવસથી હીઝબુલ્લાહે ઉત્તરીય ઈઝરાયેલ પર હુમલા શરૂ કરી દીધા હતા. હમાસના સમર્થનમાં લેબનોનનું આતંકી સંગઠન એકવર્ષથી ઈઝરાયેલ પર મિસાઈલ અને રૉકેટમારો કરી રહ્યું હતું. જોકે, ગયા મહિને ઈઝરાયેલે હીઝબુલ્લાના આતંકીઓને નિશાન બનાવી પેજર અને વોકી-ટોકીથી હુમલો કરીને સમગ્ર દુનિયાને આશ્ચર્યચકિત કરી દીધી હતી.

જોકે, હવે ઈઝરાયેલે લેબનોનમાં મર્યાદિત હુમલા શરૂ કર્યા છે અને હીઝબુલ્લાના સ્થળો અને ઈમારતોને ઉડાવવાનું શરૂ કર્યું છે. લેબનોનમાં છેલ્લા બે મહિનામાં હીઝબુલ્લાના ૨,૦૦૦થી વધુ આતંકીઓ માર્યા ગયા છે. બીજીબાજુ લેબનોનના સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે છેલ્લા એક વર્ષમાં ઈઝરાયેલના હુમલામાં તેના ૨,૫૦૦થી વધુ નાગરિકોના મોત થયા છે અને ૧૨,૦૦૦થી વધુને ઈજા થઈ છે. લેબનોનમાં યુદ્ધના કારણે ચાર લાખ બાળકો સહિત ૧૨ લાખ લોકો બેઘર થઈ ગયા છે.દરમિયાન ઈઝરાયેલ ૧ ઑક્ટોબરના ઈરાનના હુમલાના જવાબમાં તહેરાન પર આક્રમણ કરે તો જોરદાર જવાબી હુમલો કરવાની ચેતવણી અપાઈ છે. અયાતોલ્લાહ ખામનેઈએ સૈન્યને તૈયાર રાખવા નિર્દેશ આપ્યા છે. સૂત્રો મુજબ ઈઝરાયેલ હુમલો કરે તો ઈરાને ઈઝરાયેલ પર ૧,૦૦૦ બેલેસ્ટિક મિસાઈલથી હુમલો કરવાની તૈયારી કરી લીધી છે. ઈઝરાયેલ ઈરાન ઉપર અને વળતા હુમલામાં ઈરાન ઈઝરાયેલ પર આક્રમણ કરશે તો મધ્ય-પૂર્વમાં તણાવપૂર્ણ સ્થિતિ વકરવાની ભીતિ સેવાઈ રહી છે.

# નોર્વેમાં ૧૫ વર્ષથી નાની વયના બાળકો માટે સોશ્યલ મિડિયાનાં ઉપયોગ પર બેન

## બાળકોને સોશ્યલ મિડિયા પર મોજુદ હાનિકારક સામગ્રીથી બચાવવા નિર્ણય નોર્વે સરકાર

નવી દિલ્હી તા.૨૫

સોશ્યલ મિડિયાએ યુવાનો તો ઠીક બાળકોને પણ ઘેલુ લગાડ્યુ છે. બાળકો આઉટડોર રમતો અને રમકડાને કોરાણે મુકી મોબાઈલ ફોનમાં સોશ્યલ મિડિયાનો ઉપયોગ કરતાં થઈ ગયા છે. આ સોશ્યલ મીડીયાથી બાળકોના કુમળા માનસ પર ગંભીર અસર થતી હોય છે અને જેને રોકવા નોર્વેએ નિયમ બનાવ્યો છે કે ૧૫ વર્ષથી ઓછી વયના બાળકો સોશ્યલ મિડિયાનો ઉપયોગ નહીં કરી શકે. સરકારે બાળકોની સુરક્ષા માટે સોશ્યલ મિડિયા માટે ન્યુનતમ વય સીમા ૧૫ વર્ષ કરવાનો નિર્ણય લીધો છે. અત્યાર સુધી આ વય સીમા ૧૩ વર્ષની હતી.

નોર્વેની સરકારે જણાવ્યું હતું કે બાળકોને સોશ્યલ મિડિયા પર મોજુદ હાનીકારક સામગ્રીથી બચાવવામાં આવે.વડાપ્રધાન જોનાસ ગહરે પણ આજ વાત કરી છે.નોર્વેમાં અગાઉથી જ ૧૩ વર્ષની વય સીમા લાગુ છે. જ્યારે સંશોધન બતાવે છે કે ૯ વર્ષનાં અડધાથી વધુ ૧૦ વર્ષનાં ૫૮ ટકા અને ૧૧ વર્ષનાં ૭૨ ટકાથી વધુ બાળકો સોશ્યલ મીડિયામાં સામેલ છે.ભારતમાં બાળકોની ઓનલાઈન સુરક્ષા માટે કાનુન નથી. હાલમાં જ જાહેર ડીઝીટલ વ્યક્તિગત ડેટા સંસ્થાનાં અધિનિયમ ૨૦૨૩ માં બાળકોને સંબંધીત ડેટા ગોપનીયતા મુદા પર ચર્ચા કરવામાં આવી હતી. તેમાં ફરજીયાત કરવામાં આવ્યુ છે કે બાળકોના માતા-પિતા કે કાનુની વાલીની સહમતી પ્રાપ્ત કરવી જોઈએ.

ઈન્ડોનેશીયાએ આઈફોન-૧૬ પર પ્રતિબંધ લાદયો કારણ અજબગજબ ઈન્ડોનેશીયાએ એપલ કંપનીનાં નવા આઈફોન ૧૬ ને દેશમાં વેચવા અને ઉપયોગ કરવા પર પ્રતિબંધ લગાડી દીધો છે. ઈન્ડોનેશીયાના ઉદ્યોગમંત્રીએ જણાવ્યું તું કે જો કોઈ ઈન્ડોનેશીયામાં આઈફોન-૧૬ નો ઉપયોગ કરે છે તો તે ખોટુ કામ કરી રહ્યો હશે.ખરેખર તો ઈન્ડોનેશીયાની સરકારે આવો નિર્ણય કેમ લેવો પડયો.

ઈન્ડોનેશીયાના ઉદ્યોગમંત્રી કાર્તસાસમિતાએ જણાવ્યું હતું કે એપલે ઈન્ડોનેશીયામાં જેટલા પૈસા લગાવવાનો વાયદો કર્યો હતો તે પુરો નથી કર્યો.એપલે ઈન્ડોનેશીયામાં ૧.૭૧ ટ્રીલીયન રૂપિયાનાં બદલે ૧.૪૮ ટ્રીલીયન રૂપિયાના બદલે ૧.૪૮ ટ્રીલીયન રૂપિયાનું જ રોકાણ કર્યું છે.

# કાશ્મીરના બારામુલ્લાની અદાલતમાં બોમ્બ વિસ્ફોટ એકને ઈજા

શ્રીનગર, તા.૨૪

જમ્મુ કાશ્મીરમાં ચાલુ રહેલા ત્રાસવાદી હુમલામાં આજે બારામુલ્લા જીલ્લાની એક અદાલતમાં વીટનેસ બોક્સ નજીક વિસ્ફોટ થયો હતો જેમાં એક સુરક્ષા જવાન ઘાયલ થયો છે. આ વિસ્ફોટના કારણે કોર્ટમાં અફડાતફડી ફેલાઈ ગઈ હતી. છેક અદાલતની અંદર વિટનેસ બોક્સ સુધી બોમ્બ મુકવાની હિંમત કોણે કરી તે અંગે તપાસ ચાલુ છે. તો બીજી તરફ ઘાયલ જવાનની હાલત ગંભીર હોવાનું માનવામાં આવે છે. કાશ્મીરમાં ગઈકાલે ટાર્ગેટ કલીનમાં એક બિન કાશ્મીરી મજૂરની હત્યા કરવાનો પ્રયાસ થયો હતો.

# હવે કાનુની ડિગ્રી વિના સુપ્રીમ કોર્ટમાં પત્રકારો કરી શકશે કવરેજ

## વિદાય લેતા મુખ્ય ન્યાયમૂર્તિએ નિયમ સુધાર્યા

નવી દિલ્હી.તા.૨૬

આગામી માસમાં નિવૃત થઈ રહેલા સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચૂડ હાલ અનેક કાનૂની પ્રક્રિયામાં જે બિનજરૂરી જોગવાઈ છે તે રદ કરીને અપગ્રેડ કરીને સરળતા સર્જવા જઈ રહ્યા છે.જેમાં તબીબે હવે સુપ્રીમ કોર્ટમાં કાનુની કાર્યવાહીના રીપોર્ટીંગ માટે જે માન્યતા પત્રકારોને આપવામાં આવે છે તેમાં તેની પાસે લો-ની ડીગ્રી જરૂરી હોવાની જોગવાઈ દુર કરી છે. આમ કાનૂની ડિગ્રી નહી ધરાવતા પત્રકાર પણ સુપ્રીમ કોર્ટમાં રીપોર્ટીંગ માટે એક્રેડીએશન મેળવી શકશે.ગઈકાલે તેઓએ આ જાહેરાત કરતા જણાવ્યુ કે. શા માટે આ ડિગ્રીની જોગવાઈ કરવામાં આવી હતી તેનો મને ખ્યાલ નથી પરંતુ તે જોગવાઈ દુર કરતા આદેશ પર મે ગઈકાલે જ સહી કરી છે.

અમોએ તે જોગવાઈ હળવી કરી છે જેથી કાનૂની ડિગ્રી વગર પણ કોઈપણ પત્રકાર સુપ્રીમ કોર્ટની કાર્યવાહીનું રીપોર્ટીંગ કરવા જરૂરી એક્રેડીએશન મેળવી શકશે. ઉપરાંત આ પ્રકારે પત્રકારને હવે સુપ્રીમ કોર્ટની પાર્કીંગ સુવિધાનો પણ ઉપયોગ કરી શકશે.

# દાના વાવાઝોડુ દાનવ બન્યું: ઓડિશાને ધમરોળ્યુ વ્યાપક તારાજી પશ્ચિમ બંગાળમાં અનરાધાર વરસાદ

## દરિયામાં રાક્ષસી મોજા ઉછળ્યા ૧૨૦ કીમીની ઝડપે પવનથી વૃક્ષો – થાંભલાઓ ધરાશાયી કૃષિપાકનો કચ્ચરઘાણ કાચા મકાનો જમીનદોસ્ત ૪૦૦ ફલાઈટ – ૮૦૦ થી વધુ ટ્રેનો રદ નૌકાદળનાં જહાજો – જવાનોને રાહત કામગીરીમાં ઉતારાયા

કોલકતા,તા.૨૫

બંગાળની ખાડીમાં ઉદભવેલા દાતા વાવાઝોડાએ ઓડીશાને ધમરોળ્યુ છે અને વ્યાપક તારાજી સર્જાઈ છે. પશ્ચિમ બંગાળ, બિહાર જેવા રાજયોમાં પણ વાવાઝોડાની અસરે ભારે વરસાદ ખાબકયો હતો. ઠેકઠેકાણે વૃક્ષો-થાંભલાઓ ધરાશાયી થયા હતા. કાચા મકાનો જમીનદોસ્ત બન્યા હતા.

૧૨૦ કીમીની ઝડપે ત્રાટકેલા દાનાથી રાજયમાં પ્રભાવીત બન્યુ હતું. ૪૧૦ વિમાની ઉડ્ડયનો તથા ૮૦૦ થી વધુ ટ્રેનો રદ કરવામાં આવી હતી. લાખો લોકોને સલામતી માટે સુરક્ષીત સ્થાનોએ રાખવામાં આવ્યા હતા.

ભારતીય હવામાન વિભાગે કહ્યું હતું કે, દાના વાવાઝોડુ મોડીરાત્રે ત્રાટકયુ હતું. તોફાની પવન સાથે દરીયામાંથી જમીન પર પ્રવેશ કર્યો હતો. ભાદક, કેન્દ્રપારા, બાલાસોર સહીતનાં જીલ્લાઓમાં ૧૧૦ કીમીના પવન સાથે અતિભારે વરસાદ રહ્યો હતો.



વાવાઝોડા વરસાદને કારણે ઠેકઠેકાણે મહાકાય-તોતીંગ વૃક્ષોનો સોથ વળી ગયો હતો. થાંભલા પણ જમીનદોસ્ત થયા હતા.પરીણામે સંખ્યાબંધ માર્ગો બ્લોક થઈ ગયા હતા.વાવાઝોડાની ચેતવણીને ધ્યાને રાખીને આગમચેતીનાં પગલા લેવામાં આવ્યા જ હતા. પાંચ લાખથી વધુ લોકોને રાહત છાવણીમાં રાખવામાં આવ્યા હતા.સુત્રોના કહેવા પ્રમાણે વાવાઝોડાની લેન્ડફોલ પ્રક્રિયા પૂર્ણ થતાની સાથે જ ઓડીશા, પશ્ચિમ બંગાળ, સહીતના રાજયોમાં ભારે વરસાદનો દોર શરૂ થયો હતો. દાનાના પ્રભાવથી મંદનીપુર, દીઘા સહીતનાં દરીયાકાંઠાના ભાગોમાં રાક્ષસી મોજા ઉછળ્યા હતા. ૧૨૦ કીમી સુધીની ઝડપે પવન ફુંકાયો હતો.

તેને કારણે માલ મિલકતને વ્યાપક નુકશાની તારાજીની શંકા દર્શાવવામાં આવી રહી છે.ખેતરોમાં ઉભા કૃષિ પાકનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.ઝાડ-થાંભલા પડવાના ઘટનાક્રમથી અનેક ભાગોમાં વિજ પુરવઠો ઠપ્પ થઈ ગયો હતો.ભારે વરસાદમાં જળબંબાકારની હાલતથી જનજીવન ઠપ્પ બન્યુ હતું.

વાવાઝોડાની ભયાનકતાને ધ્યાને રાખીને કોલકતા તથા ભૂવનેશ્વરનાં એરપોર્ટ ૧૫ કલાક બંધ રખાયા હતા. આજે સવારથી ઓપરેશન શરૂ કરાયુ હતું.રેલસેવા પણ પ્રભાવીત હતી. ૪૦૦ વિમાનો-૮૦૦ ટ્રેનો રદ કરવામાં આવી હતી.હવામાન વિભાગનાં સુત્રોએ કહ્યું કે વાવાઝોડુ લેન્ડફોલ બાદ નબળુ પડી રહ્યું છે. પશ્ચિમ-ઉતર પશ્ચિમ તરફ આગળ ધપવા સાથે ગંભીર કેટેગરીમાંથી નોર્મલ શ્રેણીમાં આવી જશે.

વાવાઝોડાના કહેર તથા વ્યાપક તારાજીને પગલે સવારથી મોટાપાયે રાહત-બચાવ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. નૌકાદળનાં બે જહાજોને તૈનાત કરાયા છે.સ્થાનિક એજન્સીઓ ઉપરાંત એનડીઆરએફ, એસડીઆરએફ તથા કોસ્ટગાર્ડ-નેવીનાં જવાનોને પણ રાહત કામગીરીમાં સામેલ કરાયા છે.

# ગુલમર્ગમાં આતંકી હુમલામાં વધુ બે જવાન શહીદ, ડ્રોનથી સર્ચ ઓપરેશન

## જમ્મુ-કાશ્મીરમાં ટેરર ઈકોસિસ્ટમ તોડી પાડવા પર આર્મીની નજર: પર્વતીય વિસ્તારોમાં ઘૂસણખોરી કરીને આશરો મેળવ્યો હોવાના અહેવાલો

શ્રીનગર-ઉધમપુર : જમ્મુ-કાશ્મીરના ગુલમર્ગમાં ગુરુવારે થયેલા આતંકી હુમલામાં બે જવાનો શહીદ થયા હતા અને બે પોર્ટરનાં મોત નીપજ્યાં હતા તેમજ ત્રણ જવાનોને ઈજા પહોંચી હતી. આ ઘટનામાં શુક્રવારે ઈજાના કારણે વધુ બે જવાનો શહીદ થતા કુલ મૃત્યુઆંક છ થયો છે. આતંકીઓએ કાશ્મીરના બારામુલ્લા જિલ્લાની ઉત્તરે પ્રવાસી સ્થળ ગુલમર્ગમાં જવાનોના કાફલા પર હુમલો કર્યો હતો. આ હુમલા પછી ભારતીય સૈન્યે હેલિકોપ્ટર અને ડ્રોન મારફત આતંકીઓને શોધવા માટે સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

ભારતીય સૈન્યના અધિકારીઓએ



જણાવ્યું હતું કે, સૈન્યનું વાહન અફાવત રેન્જમાં નાગિન પોસ્ટ તરફ જઈ રહ્યું હતું ત્યારે આતંકીઓએ બોટા પથ્રીમાં પર અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. આ વિસ્તાર સંપૂર્ણપણે આર્મીના તાબામાં છે. જોકે, આ વર્ષે ઉનાળામાં કેટલાક આતંકીઓના એક જૂથે અફાવત રેન્જના પર્વતીય વિસ્તારોમાં ઘૂસણખોરી કરીને આશરો મેળવ્યો હોવાના અહેવાલો હતા. બોટા પથ્રી વિસ્તાર થોડા સમય પહેલાં જ પ્રવાસીઓ માટે ખુલ્લો મુકાયો હતો.

દરમિયાન સુરક્ષા દળોએ શુક્રવારે અંકુશ રેખા નજીક વ્યાપક સર્ચ અભિયાન હાથ ધર્યું હતું. આતંકીઓને ઝડપી લેવા માટે હેલિકોપ્ટર્સ અને ડ્રોનનો પણ ઉપયોગ લેવાયો હતો. ભારતીય સૈન્યે આ વિસ્તારમાં આતંકીઓની ઈકોસિસ્ટમ તોડી પાડવા પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. આતંકી હુમલાની નજીકના સ્થળો અને અંકુશ રેખા પરના વિસ્તારોમાં કોમ્બિંગ અને સર્ચ ઓપરેશન શરૂ કરી દેવાયું છે.

નોર્ધર્ન આર્મીના કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ એમવી સુચિન્દ્ર કુમારે કહ્યું કે, હુમલાની આજુબાજુના માર્ગો બંધ કરી દેવાયા છે.

# રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવને સફળ બનાવવા મનપાની તડામાર તૈયારીઓ

## રવિવારે સાંજે સાંસદ રૂપાલાના હસ્તે ઉત્સવનો પ્રારંભ થશેઃ તા.૩૧ સુધીનું આયોજન, આકર્ષક ગેઇટ, લાઈટીંગ, રંગોળી, લેશર-શો અને ભવ્ય આતશબાજી સહિતનાં અનેકવિધ કાર્યક્રમો યોજાશે

રાજકોટ, તા.૨૬

રાજકોટ મહાનગરપાલિકાના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર ડી.પી.દેસાઈ, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયાઅને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ એક સંયુક્ત યાદીમાં જણાવેલ છે કે, રંગીલુ રાજકોટ શહેર તેના ઝડપી વિકાસની સાથોસાથ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે પણ એટલું જ વિખ્યાત છે.

જુદાજુદા પ્રસંગોએ યોજવામાં આવતા વિવિધ કાર્યક્રમોએ રાજકોટ શહેરને ખાસ ઓળખ પ્રદાન કરી છે. એમાં પણ જ્યારે દિવાળી જેવો સૌનો મનપસંદ એવો દિવ્ય તહેવાર આવે ત્યારે રાજકોટની રોનક દીપી ઉઠે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અગાઉના વર્ષોની માફક આ વર્ષે પણવધુ એક વખત દિવાળીના તહેવારને યાદગાર બનાવવા અને નાગરિકોમાં આનંદ, ઉત્સાહ અને નવી ઉર્જાનો સંચાર કરવા તા.૨૭/૧૦/૨૦૨૪ થી તા.૩૧/૧૦/૨૦૨૪ દરમ્યાન રેસકોર્સ રિંગ રોડ ખાતે રંગીલુરાજકોટ દિવાળી ઉત્સવનું ભવ્યઆયોજન કરવામાં આવેલ છે.જેમાં, એન્ટ્રી ગેઇટ, આકર્ષક થીમ બેઇઝ લાઈટીંગ ડેકોરેશન, ભવ્ય આતશબાજી, રંગોળી સ્પર્ધા,લેસર શોસહિતના વિશેષ આકર્ષણોનો રહેશે.

રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવ અનુસંધાને યોજનાર કાર્યક્રમો અંગે વિસ્તૃત વિગતો આપતા પદાધિકારીઓએ જણાવેલ હતું કે, તા.૨૭/૧૦ના રોજ સાંજે ૦૫૩૦ વાગ્યે આર.એમ.સી.પ્લોટ, આમ્રપાલી અન્ડરબ્રિજ પાસે, કિશાનપરા ચોક, રેસકોર્ષ ખાતે




રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવનોશુભારંભરાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલાના હસ્તે થશે.

રેસકોર્સ રિંગ રોડ ફરતે તા.૨૭/૧૦ થી તા.૩૧/૧૦ સુધી આકર્ષક એન્ટ્રી ગેઇટ, આકર્ષક થીમ બેઇઝ લાઈટિંગ ડેકોરેશન કરવામાં આવશે તથા તા.૨૯/૧૦ના રોજ રેસકોર્ષ રિંગ રોડ ખાતે રંગોળી સ્પર્ધા અંતર્ગત સ્પર્ધકો રંગોળી તૈયાર કરશે.શહેરીજનો સ્પર્ધકો દ્વારા તૈયાર કરવામાં આવેલ રંગોળી તા.૩૦/૧૦ અને તા.૩૧/૧૦ના રોજ સાંજે નિહાળી શકશે જયારે તા.૨૭/૧૦ થી તા.૩૧/૧૦ દરમ્યાન લેસર શો આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

તા.૩૦/૧૦ના રોજ રાત્રે ૭ કલાકે શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ, રેસકોર્સ ખાતે ભવ્ય આતશબાજી યોજાશે તથા રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમો તા.૨૭/૧૦ થી ૩૧/૧૦ દરમ્યાન રાત્રે ૧૨ કલાક સુધી રહેશે. આ રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવ અંતર્ગત આયોજીત વિવિધ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, સાંસદ પરસોતમભાઈ રૂપાલા, સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, ગુજરાત પ્રદેશ ભાજપના મંત્રી બિનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર ડી.પી.દેસાઈ, પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જીલ્લા કલેક્ટર પ્રભવ જોશી, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટરો, અધિકારીઓ-કર્મચારીઓ તથા ચિત્રનગરીના જીતુભાઈ ગોટેચા અને તેની સમગ્ર ટીમ,જાણીતા લેખક જય વસાવડા, વગેરે ઉપસ્થિત રહેશે.

# બજાર લોકોથી ધમધમી: દિવાળીની ખરીદી માટે મોડી રાત સુધી ભારે ભીડ



રાજકોટ.તા.૨૬

દિવાળીની તહેવાર ને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે બજારોમાં ખરીદી નો ધમધમાટ જોવા મળી રહ્યો છે. ઘર ને સુશોભિત કરવા લોકો તોરણ, લાઈટીંગ, કપડાં, જ્વેલરી, ચપ્પલ, મુખવાસ, દીવા સહિતની ખરીદી થઈ રહી છે. ગઈ કાલે ત્રિકોણ બાગ, ધર્મેન્દ્ર રોડ, ઘી કાંટા રોડ, ગુંદાવાડી, સાંગણવા ચોક, પેલેસ રોડ, યાજ્ઞિક રોડ, સોની બજાર, કાલાવડ રોડ, યુનિવર્સિટી રોડ, સદર બજાર વગેરે વિસ્તારમાં જ્યાં જુઓ ત્યાં માનવ મેદની દિવાળીની ખરીદી માટે ઉમટી પડી હતી.

બજારોમાં કપડાં, તોરણ, ઈલેક્ટ્રિક દીવડા, લાઈટીંગ સિરીઝ, વિવિધ વેરાયટીના કંડીલ, લાભ-શુભના, સ્વસ્તિકના, ભગવાનના સહિત અનેક પ્રકારના સ્ટીકર, ફૂલદાની, મુખવાસ, ફટાકડા, રંગોળીના કલર વગેરે વસ્તુઓનું વેચાણ શરૂ થઈ ગયેલ છે.લોકો તહેવારના ૩-૪ દિવસ પહેલા ખરીદી કરવા માટે આવતા હોય છે. ત્યારે રાજકોટની કાપડ બજારની વાત કરીએ તો, કાપડ બજારમાં છેલ્લે સુધી ખરીદી ચાલુ રહેતી હોય છે. વેપારીના જણાવ્યાનુસાર છેલ્લા આઠ દિવસમાં કાપડ બજારમાં ખરીદી નીકળી હતી.આ વખતે દિવાળી ના તહેવાર ની ઉજવણી માટે મોટી મુંઝવણ છે. અડધા દિવસ થી ઉજવણી શરૂ થઈ હોવાથી કયો તહેવાર ક્યારે ઊજવવો તેની મુંઝવણ છે. પરંતુ લોકો એ ખરીદી નો ધમધમાટ શરૂ કરી દીધો છે. સોમવાર થી તહેવાર શરૂ થશે આથી આગામી દિવસો મા ઘરાકી વધારે તેવી વેપારીઓની આશા છે. અને બજારો પણ મોડી રાત સુધી ચાલુ રહેશે.

# સૌપ્રથમવાર દિવાળી પર બજારમાં રોશની નહી થાય વેપારીઓએ નિરસતા દાખવી



રાજકોટ,તા.૨૫

દિવાળીનો તહેવાર નજીક આવતા બજાર લોકોથી ધમધમી ઉઠે છે. ખરીદીનો દોર શરૂ થઈ જાય છે અને ચારો તરફ રોશની જોવા મળે છે. દિવાળીમાં ખરીદી માટે બજારોમાં જઈને ખરીદી કરવાનું મહત્વ આજે પણ અકબંધ છે. કેટલાક લોકો તો ખાસ બજારની રોશની જોવા પણ ઉમટી પડે છે. પરંતુ વર્ષો બાદનું આ રીવાજ ટુટયો છે.

આ વર્ષે સૌપ્રથમવાર બજારમાં રોશની થશે નહી. વેપારીઓએ નિર્ણય લીધો છે કે તેઓ આ વર્ષે બજારમાં રોશની કરશે નહી. દર વર્ષે બજારમાં વેપારીઓ ફંડ એકત્ર કરી રોશનીનો જગમગાટ કરે છે પરંતુ આ વર્ષે બજાર રોશની વગરની જ રહેશે. વેપારીઓનું કહેવુ છે કે તેઓને તંત્રના નિયમો પાળવામાં મુશ્કેલી પડી રહી છે અને બજારના વેપારીઓએ પણ નિરસતા દાખવી છે.

વેપારીઓ જ રોશની કરવાના મુડમાં નથી. રાજકોટની લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ સહિતના રોડને રોશનીથી સજાવવામાં આવે છે ત્યારે વેપારીઓએ રોશની ન કરવાનો નિર્ણય કર્યો છે. નિયમ અનુસાર ૨૦ ફુટની ઉંચાઈ સુધી રોશની કરી શકાશે નહી.

જો તેનાથી ઉંચી રોશની કરવામાં આવે તો આગનો બનાવ બને ત્યારે ફાયર ફાઈટરના વાહનોને નીકળવુ મુશ્કેલ બને છે.

# જન્મ - મરણ વિભાગનું સર્વર ડાઉન થઈ જતા અફડા-તફડી !

## સરકારનાં પોર્ટલમાં જ ખામી સર્જાતા રાજકોટ સહિત રાજ્યભરમાં સમસ્યા સર્જાઈ અરજદારો અકળાઈ ગયા ભારે દેકારો અધિકારીઓની લાચારી





રાજકોટ,તા.૨૫

રાજકોટ મહાનગરપાલિકામાં આજરોજ સર્વર ડાઉન થઈ જતા જન્મ મરણ વિભાગમાં અફડા તફડી મચી ગઈ હતી. સરકારનાં પોર્ટલમાં જ ફોલ્ટ સર્જાતા રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં આ સમસ્યા સર્જાઈ હોવાનું તંત્ર વાહનોએ જણાવેલ હતું.અત્રે ઉલ્લેખનીય છે કે,મહાનગરપાલિકાની મોટાભાગની કામગીરી ઓનલાઈન શરૂ થઈ ચુકી છે.

અરજદારોને મહાનગરપાલિકાની કચેરીએ ધક્કા ન થાય અને ઘર બેઠા પોર્ટલ ઉપર કામ થઈ શકે તેવી વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. પરંતુ અમુક વિભાગોમાં આજે પણ સરકાર ઉપર આધાર રાખવો પડે છે. જેના કારણે અરજદારોની સમસ્યા હજુ પણ યથાવત રહી છે.

આજે સરકારનું જન્મ-મરણ વિભાગનું પોર્ટલ ખરાબ થતાં સર્વર ડાઉન હોવાથી મનપાના જન્મ મરણ વિભાગની તમામ પ્રકારની કામગીરી ખોરવાઈ ગઈ હતી. જેના કારણે સવારથી લાઈનમાં ઉભેલા અરજદારો અકળાઈ ઉઠ્યા હતા અને આ મુદ્દે ઉચ્ચ અધિકારીને રજૂઆત કરતા તેમને સમગ્ર ગુજરાતમાં આ સમસ્યા ઉભી થઈ છે.તેમ જણાવ્યુ હતું.

મનપાના જન્મ મરણ વિભાગમાં થોડા સમય પહેલા જન્મના દાખલામાં પ્રથમ નામ પુરુ લખવા મુદ્દે માથાકુટ થઈ હતી. આધારકાર્ડ વિભાગ દ્વારા પુરા નામનો દાખલો વેલીડ ગણવાની પ્રથા ચાલુ કરતા અરજદારોએ આ મુદ્દે જન્મ-મરણ વિભાગમાં રજૂઆત કરી હતી. પરંતુ સરકારી પોર્ટલમાં આ પ્રકારની સુવિધા ચાલુ થયેલ ન હોય મનપાએ પોતાનું પોર્ટલ ચાલુ કરી અરજદારોની સમસ્યા હલ કરી હતી.ત્યાર બાદ સરકાર દ્વારા પોર્ટલ ઉપર આ કામગીરી શરૂ કરવામાં આવી છે. પરંતુ લોડ વધવાના કારણે અથવા અન્ય કારણોસર સર્વર ડાઉન થવાનો સીલસીલો યથાવત રહેવા પામ્યો છે. તેવી જ રીતે સરકારી પોર્ટળમાં પણ અવાર નવાર ખામીઓ સર્જાવાના કારણે ગુજરાતભરના જન્મ-મરણ વિભાગમાં કામગીરી ઠપ થઈ જવાની ઘટના પણ અવાર નવાર બનવા લાગી છે.

સરકાર કરોડો રૂપિયાના ખર્ચે પોર્ટલ બનાવે છે. તેમજ ખામીઓ કેમ આવે છે. તેવું લોકો ચર્ચી રહ્યા છે. કારણ કે, પ્રાઈવેટ કંપનીઓના પોર્ટલમાં ક્યારે પણ ખામી સર્જાતી નથી. આથી પોર્ટલ બનાવનાર કંપનીઓ ઉપર પણ શંકા ઉપજી રહી હોય તેમ સરકારી પોર્ટલો જ અવાર નવાર ખરાબ થઈ રહ્યાની ઘટનાઓ આજે પણ ચાલુ રહેવા પામી છે. જેના કારણે અરજદારો પરેશાન થઈ ઉઠ્યા છે.

મહાપાલિકાના જન્મ-મરણ વિભાગની કામગીરી કેન્દ્ર ખુલતાની સાથો સાથ ખોરવાઈ ગઈ હતી. આ મુદ્દે જન્મ-મરણ વિભાગના ઉચ્ચ અધિકારીઓને પુછવામાં આવતા તેઓએ જણાવેલ કે, મહાનગરપાલિકાએ તૈયાર કરેલ પોર્ટલ ચાલુ છે પરંતુ સરકારના નિયમ મુજબ સરકારના જ પોર્ટલ ઉપર કામગીરી અને જન્મની નોંધણી અપલોડ થતી હોય છે. ત્યારે આજે સવારથી સરકારી પોર્ટલમાં ખામીઓ સર્જાતા ગુજરાતભરના તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓ સહિતના જન્મ-મરણ વિભાગ કેન્દ્ર ઉપર સર્વર ડાઉન થઈ ગયા છે.

# દિવાળી ટાણે જ ફરી પૂરવઠાનું સર્વર ઠપ્પ!



### વિતરણ વ્યવસ્થા ખોરવાઈ વેપારીઓની સાથો-સાથ લાભાર્થીઓમાં ભારે દેકારો

રાજકોટ,તા.૨૬

દિવાળીનાં તહેવારો આડે હવે સપ્તાહ પણ રહ્યુ નથી. ત્યારે જ ફરી એકવાર આજે પુરવઠા વિભાગનાં સર્વર દગો દિધો હતો.અને આજે સવારથી ફરી ઠપ્પ થઈ જતા વિતરણ વ્યવસ્થા ખોરવાઈ હતી.આથી વેપારીઓની સાથો-સાથ લાભાર્થીઓમાં પણ ભારે દેકારો સર્જાયો હતો.

રેશનકાર્ડ ધારકોને આધાર આધારીત વેરીફીકેશનના વિતરણથી ગ્રાહકો તથા સસ્તા અનાજના વેપારીઓ ત્રાહિમામ છે ત્યારે સવારે ડાઉન થઈ જતા સર્વરના કારણે અનાજ કઠોળ તેલ ખાંડ નમક વગેરેનુ વિતરણ ખોરંભે ચડેલુ છે દર માસે વિતરણ સમયે જ સર્વરના ધાંધીયા થાતા હોય છે.

પરીણામે ગ્રાહકો તથા વેપારી ભાઈઓને ખૂબ જ હાલાકી ભોગવવી પડે છે કોઈ કાયમી સમાધાન નથી થયુ કરોડોના આંધણ કર્યા છતા સર્વર યોગ્ય દિશામા ચાલતુ નથી તેવુ વેપારીઓએ જણાવેલ હતું.અને કહ્યુ હતું કે, તાજેતરમાં જન્માષ્ટમીના તહેવારો ઉપર પણ સર્વર ડાઉન થઈ ગયું હતું.

## રવિવારથી એરપોર્ટના વિન્ટર શેડ્યુલમાં સવારની દિલ્હી અને વડોદરાની સીધી ફલાઈટનો ઉમેરો

### ડેઈલી મુંબઈની પાંચ, દિલ્હીની ત્રણ ઉપરાંત પુના, હૈદરાબાદની સાપ્તાહિક ફલાઈટો ગોવા ડેઈલી ઉડશે

રાજકોટ, તા. ૨૫

રાજકોટના હિરાસર સ્થિત ઈન્ટરનેશનલ એરપોર્ટમાં આગામી તા. ૨૭ના રવિવારથી વિન્ટર શેડ્યુલનો પ્રારંભ થઈ રહ્યો છે. આ વિન્ટર શેડ્યુલમાં હવાઈ સેવાનો વધારો થયો છે.

જેમાં સવારની દિલ્હી અને વડોદરાની સીધી ફલાઈટનો ઉડ્ડયન શરૂ થશે. રાજકોટથી આંતર જિલ્લા હવાઈ સેવામાં ઈન્ડિગોને અમદાવાદ સેવા બંધ થઈ છે. ત્યારે સ્ટાર એરલાઈન્સ કંપનીએ અમદાવાદ અને વડોદરાની સેવા પૂરી પાડવા આગળ આવી છે.

ઈન્ટરનેશનલ એરપોર્ટના વિન્ટર શેડ્યુલના ડેઈલ મુંબઈની પાંચ, દિલ્હીની બે, ગોવા એક, બેંગ્લોર એક, વડોદરા-અમદાવાદ એક-એક, એર ઈન્ડિયાની દિલ્હીની સીધી ફલાઈટ સેવા ઉપલબ્ધ થઈ છે.

# શાળા - કોલેજોમાં સોમવારથી દિપાવલી વેકેશન

### સૌરાષ્ટ્ર યુનિ. કાર્યાલય પણ આજે તા. ૨૬ થી ૩ સુધી બંધ રહેશે




રાજકોટ, તા. ૨૫

પ્રકાશ પર્વ દિપાવલીના તહેવારને આડે હવે માત્ર પાંચ જ દિવસ બાકી રહ્યા હોય બજારોમાં ખરીદીની રોનક દેખાવા લાગી છે. લોકો પણ ફેસ્ટીવલ મુડમાં આવી છે.તેની સાથે જ પ્રાથમિક-માધ્યમિક શાળાઓમાં પણ પ્રથમ કસોટી લેવાઈ ચૂકી હોય વિદ્યાર્થીઓ પ્રકાશ પર્વ દિપાવલી તહેવારને મનાવવા સજ્જ બની ગયા છે. પ્રાથમિક-માધ્યમિક શાળાઓમાં પણ આગામી તા. ૨૮ને સોમવારથી ૨૧ દિવસનું દિપાવલી વેકેશન જાહેર કરી દેવાયું છે. તેની સાથોસાથ સૌરાષ્ટ્ર યુનિ. સંલગ્ન કોલેજોમાં પણ તા. ૨૮ થી ૧૬ નવેમ્બર સુધીનું દિપાવલી વેકેશન કરી દેવાયું છે. સૌરાષ્ટ્ર યુનિ. કાર્યાલય પણ આવતીકાલ તા. ૨૬ થી ૩ સુધી રજા પાળનાર છે જેના કારણે વહીવટી કામગીરી બંધ રહેશે. આ અંગે યુનિ. દ્વારા ખાસ પરિપત્ર પણ ઈસ્યુ કરી દેવામાં આવેલ છે.જે મુજબ તા. ૨૮-૧૦ સોમવારને તેમજ તા. ૧૦-૮ બીજા શનિવારની રજાને તિરંગા યાત્રાના કારણે ચાલુ દિવસ તરીકે રજા જાહેર કરેલ તેની સામે સરભર કરેલ છે. જયારે તા. ૨૯-૧૦ મંગળવારની રજાને આગામી પદવીદાન સમારોહ રવિવારના યોજાય ત્યારે રવિવારની રજાને ચાલુ દિવસ તરીકે જાહેર કરવામાં આવશે તેની સામે સરભર કરવામાં આવશે.જયારે ૧ નવેમ્બરની રજા જાહેર કરવામાં આવેલ છે. જેના બદલામાં તા. ૯-૧૧ને બીજા શનિવારે યુનિ. કાર્યાલય ભવનો નિયમિત રૂપે કાયાન્વિત રહેશે.

# ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૩(૩)ની જોગવાઈ પરથી પરિપત્ર



## હવે પોલીસે હાથકડી પહેરાવવામાં પણ નિયમનું પાલન કરવું પડશે

અમદાવાદઃ બોલીવુડની ૭૦-૮૦ના દશકાની ફિલ્મોના એ દ્રશ્યો હજુ યાદ હશે કે એક તો પોલીસ એ હંમેશા છેલ્લા દ્રશ્યોમાં આવતી હતી અને પોલીસ અધિકારી તેના કમરમાં ટિંગાતી હાથકડી દર્શાવીને વિલન કે તમારી ધરપકડ કરવામાં આવે છે તેવું કહીને ફિલ્મનો અંત લાવતી હતી.હવે તો પુરી ફિલ્મ પોલીસ પર બને છે અને આગામી દિવસોમાં જ રિલીઝ થનારી ફિલ્મ સિંઘમ-અગેઈન માં હિરો અજય દેવગણના હાથ જ હાથકડી જેવા દર્શાવાય છે. જેમાંથી અપરાધી છટકી શકતો નથી પણ ગુજરાતની રીયલ પોલીસને હાથકડીનો ઉપયોગ એક પ્રક્રિયા મુજબ જ કરવો પડશે.

દેશમાં નવા અમલી બનેલા ભારતીય નાગરિક સુરક્ષા સહિતમાં હવે હાથકડીના ઉપયોગ અંગે પણ ચેપ્ટર ઉમેરવામાં આવ્યું છે જે અગાઉના ભારતીય ફોજદારી ધારામાં ન હતું.

અગાઉ સર્વોચ્ચ અદાલતે પણ પોલીસ દ્વારા હાથકડીના ઉપયોગ અંગે પોલીસ સહિતની એજન્સીઓએ ચુસ્ત રીતે પાલન કરવું પડે તેવી માર્ગરેખા ઈસ્યુ કરી હતી અને કાયદો કહે છે કે, કોઈપણ આરોપીને હાથકડી પહેરાવતા પુર્વે અદાલતની મંજુરી જરૂરી છે.

આ માર્ગરેખા પરથી હાલમાં રેલવે અને સીઆઈડી ક્રાઈમ એ એક પરિપત્ર ઈસ્યુ કર્યા છે જેમાં જણાવાયું છે કે જે અપરાધી રીઢા-ગુન્હેગારની કક્ષામાં આવતા હોય જેઓ નાસી જવા માટેનો રેકોર્ડ ધરાવતા હોય તેઓને હાથકડી પહેરાવી શકાય છે.

આ ઉપરાંત જેઓ સંગઠીત ગુન્હાખોરી સાથે સંકળાયેલ હોય ત્રાસવાદી પ્રવૃતિ બદલ ધરપકડ થઈ હોય, માદક દ્રવ્ય, ગેરકાનુની રીતે હથિયાર રાખવા, હત્યા તથા દુષ્કર્મ, એસીડ હુમલો, બનાવટી નોટોના વ્યાપાર, લેવડદેવડ, માનવ તસ્કરી, બાળકો સામેના જાતીય અપરાધ કે સરકાર સામેના ગંભીર અપરાધ આ તમામ પ્રકારના અપરાધમાં પોલીસ અધિકારી હાથકડીના ઉપયોગનો નિર્ણય લઈ શકે છે પણ સામાન્ય અપરાધ કે પછી દિવાની-મહેસુલી અપરાધ ટ્રાફીક સંબંધી- અકસ્માત કે તેવા અપરાધમાં આરોપીને હાથકડી પહેરાવી શકાશે નહી.

આરોપીને ઈજા કે કોઈ દર્દની સ્થિતિમાં હાથકડી પહેરાવી શકાશે નહી અને જે આરોપીને હાથકડી પહેરાવવાનો નિર્ણય લેવાય તેને પણ કોઈ જરૂર વગર વધારાના સમય માટે હાથકડી પહેરાવી શકાશે નહી.

કોઈપણ વ્યક્તિના માનહાની, સજા કે તેને અપમાનીત કરવા માટે હાથકડી પહેરાવી શકાશે નહી. કોઈપણ આરોપીને તબીબી તપાસ કે હથિયાર શોધવામાં ઉચ્ચ અધિકારીની મંજુરી બાદ જ હાથકડી પહેરાવી શકાશે. આરોપીને હાથકડી સાથે જાહેર પ્રદર્શન થાય તે રીતે રાખવાનો રહેશે નહી અને જે વ્યક્તિને હાથકડી પહેરાવી હોય તો તેની પોલીસ સ્ટેશન ડાયરીમાં તેની નોંધ કરવી પણ ફરજીયાત છે.

# વડાપ્રધાન મોદી અને સ્પેનના પીએમને વડોદરા સાંસ્કૃતિ કાર્યક્રમો-નૃત્યોથી આવકારાશે


### તા.૨૭ મી એ આગમનને લઈને શહેરને સુશોભિત કરાશેઃ ૧૫ સાંસ્કૃતિક મંચ પરથી ૨૦૦થી વધુ કલાકારો નૃત્ય રજૂ કરશે

વડોદરા, તા.૨૬

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન પેડ્રો સચેઝ વડોદરા શહેરની મુલાકાતે આવી રહ્યા છે, ત્યારે આ મોંઘેરા મહેમાનોના સ્વાગત માટે સમગ્ર શહેરને સુશોભિત કરી રોશનીથી શણગારવામાં આવ્યું છે.

તા. ૨૭મી ના રોજ આ અતિથિ વિશેષનું એરપોર્ટ પર સાંસ્કૃતિક કાર્યક્રમ થકી ભવ્ય સ્વાગત કરવામાં આવશે. આ સાથે માર્ગ અને લક્ષ્મી વિલાસ પેલેસ ખાતે કાર્યક્રમમાં વિવિધ નૃત્ય વૃંદ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવનાર છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાનના સ્વાગત માટે એરપોર્ટ ખાતે સ્પંદન કલાકેન્દ્ર, દીક્ષા ભરત નાટ્યલય, નૃત્યમયી ડાન્સ એકેડેમી અને મિસ્ટી ડાન્સ એકેડેમી દ્વારા રાસ થકી ૬૬ જેટલા કલાકારો ભવ્ય સ્વાગત કરશે.જ્યારે લક્ષ્મી વિલાસ પેલેસ ખાતે નૃત્ય રાગિણી, શ્રીકલા કેન્દ્ર, નૃત્યમ ડાન્સ એકેડેમી, નૃત્યાંગના કાળા કનેદર અને કેદાર નાટ્યલય દ્વારા ગરબા, રાસ, હુડો અને ભરતનાટ્યમ રંગારંગ કૃતિઓ ૬૬ જેટલા કલાકારો દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે.વધુમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા મહાનુભાવોના રોડ શો ના રૂટ પર ૧૫ સાંસ્કૃતિક મંચ બનાવવામાં આવશે. જેમાં દરેક મંચ પર ૧૨ થી ૧૫ કલાકારો એટલે કે ૧૮૦ થી ૨૦૦ જેટલા કલાકારો વિશ્વ પ્રસિદ્ધ એવા ગુજરાતના માંડવડી દીવા, દાંડિયા રાસ, આદિવાસી નૃત્ય, મહારાષ્ટ્રનું લાવણી નૃત્ય, રાજસ્થાનનું કાલબેલિયા નૃત્ય, કેરળનું કુચિપુડી નૃત્ય, પંજાબનું ભાંગડા નૃત્ય, બંગાળની દુર્ગાપૂજા, દક્ષિણ ભારત ની બેન્ડ અને રાષ્ટ્રભક્તિ થીમ આધારિત સાંસ્કૃતિક કૃતિઓ આકર્ષણનું કેન્દ્ર બનશે.



# ઉછીના લીધેલ પૈસા બાબતે મિત્રએ જ મિત્રને છરીના ઘા ઝીંકી દીધા

### ગ્રીનલેન્ડ ચોકડી નજીક પાણીના ટાંકા પાસે બનેલો બનાવ પિયુષ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ

રાજકોટ,તા.૨૬

શહેરનાં હરિધવા રોડ પારસ સોસાયટીમાં રહેતાં પિયુષભાઈ કુંમર પર તેના મિત્ર નરેશ સોજિત્રાએ છરી વડે જીવલેણ હુમલો કર્યો હતો. ઉછીના આપેલ પૈસાનું વ્યાજ માંગી યુવકને ગ્રીન લેન્ડ ચોકડી નજીક પાણીના ટાંકા પાસે બોલાવી ઉશ્કેરાઈ જઈને મિત્રએ જ મિત્રને છરીના ઘા ઝીકી દીધા હતા. હાલ યુવક રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ હરિધવા રોડ પારસ સોસાયટી ૧ માં રહેતાં પિયુષભાઈ ધીરુભાઈ કુંમર (ઉ.વ.૩૮) તેઓ ગઈકાલ રાત્રિના સાડા આઠ વાગ્યાની આસપાસ ગ્રીન લેન્ડ ચોકડી નજીક પાણીનાં ટાંકા પાસે હતો ત્યારે તેના મિત્ર નરેશ સોજીત્રાએ ઝઘડો કરી છરી વડે હુમલો કરતાં યુવકને ગંભીર ઈજાઓ થતાં તુરંત તેને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર હેઠળ છે





બનાવ અંગે યુવકનાં પરિવારજને જણાવ્યું હતું કે પિયુષ અને નરેશ બંને મિત્રો છે. પિયુશે અગાઉ તેના મિત્ર નરેશ પાસેથી ૧૦ હજાર ઉછીના લીધા હતા. બાદ તે પૈસાનું વ્યાજ માંગતા બંને વચ્ચે વચ્ચે બોલચાલી થઈ હતી. ગઈ કાલે નરેશે ફોન કરી પિયુષને ગ્રીન લેન્ડ ચોકડી નજીક પાણીનાં ટાંકા પાસે બોલાવી ઝઘડો કરી ઉશ્કેરાઈ જઈને છરી કાઢી પિયુષને છાતીમાં, હાથમાં અને શરીરે છરીના ઘા ઝીંકી દીધા હતા.

બાદ પિયુષને તાકીદે સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર હેઠળ છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે બી ડિવિઝન પોલીસને જાણ કરતાં તુરંત દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે. પિયુષ લોખંડના કારખાનામાં મજૂરી કામ કરે છે. યુવક એક ભાઈ અને બે બહેનમાં મોટો હોવાનું તેના પરિવારજનોએ જણાવ્યું હતું.

# નવ દિવસ સતત ૧૦૦ થી વધું સીસીટીવી કેમેરા ચેક કરી ચિલઝડપ કરનાર ત્રણને પોલીસે દબોચ્યા

### એલસીબી ઝોન- ૧ પીએસઆઇ બી. વી. બોરીસાગર અને ટીમની કામગીરી

રાજકોટ. તા.૨૬

મોરબી રોડ પર દસ દિવસ પહેલાં મોડી રાતે એક્ટીવામાં સવાર મહિલાના ગળામાંથી સોનાના ચેઇનની ઝોંટ મારી ફરાર થયેલ બેલડી સહિત દાગીના વેંચતા લેનાર વેપારીને પણ પોલીસે પકડી પાડી રૂ.૧.૦૧ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. એલસીબી ઝોન-૧ ની ટીમે નવ દિવસ સતત ૧૦૦ થી વધું સીસીટીવી કેમેરા ચેક કરી ચિલઝડપ કરનાર શખ્સોને પકડ્યા હતાં.

બનાવ અંગે મોરબી રોડ પર જકાતનાકા પાસે ઇન્દ્રપ્રસ્થ સોસાયટીમાં રહેતાં અરજણભાઈ મોહનભાઈ પાનસુરીયા (ઉ.વ.૫૯) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ગઈ તા.૧૪ ના સાંજના છ એક વાગ્યાની આસપાસ તેમના પત્ની અને દસ વર્ષીય પૌત્ર સાથે એક્ટીવામાં



તેમના નવાગામ દિવેલીયાપરામાં રહેતાં સંબંધી જયંતીભાઇ વસોયાની ઇમીટેશનની ભઠ્ઠી ખાતે જમણવાર રાખેલ હોય ત્યાં ગયેલ અને રાત્રીના નવેક વાગ્યાની આસપાસ તેઓ ઘરે આવતા હતા. ત્યારે મોરબી રોડ પર મયુર ભજીયા વાળાની દુકાનની સામે પહોચતા એક બાઇકમાં ડબલ સવારી શખ્સો પાછળથી ઘસી આવી તેમને પોતાનું બાઈક એક્ટિવા નજીક ચલાવી ફરિયાદીની પત્ની જે પાછળ બેસેલ હોય તેમને ગળામાં પહેરેલ સોનાની ત્રણ તોલાની માળા રૂ. ૯૦ હજાર ની ગળામાંથી ઝુંટવી લઇ મોરબી જકાતનાકાથી જુના મોરબી રોડ તરફ પોતાનું બાઈક શખ્સો નાસી છૂટ્યા હતાં. ફરિયાદીએ દેકારો કર્યો પણ સમડી તેમના પત્નીના ગળામાંથી રૂ.૯૦ હજારનો સોનાનો ચેઇન ઝુંટવી નાસી છૂટવામાં સફળ થતાં ફરિયાદ નોંધાવી હતી.બનાવ અંગેની ફરીયાદ પરથી પોલીસ કમીશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી સજ્જનસિંહ પરમારે ગુનો ડિટેકટ કરવાની આપેલ સૂચનાથી એલસીબી ઝોન-૧ પીએસઆઇ બી.વી.બોરીસાગર અને ટીમના કોન્સ્ટેબલ સત્યજીતસિંહ જાડેજા, રવિરાજ પટગીર, દિવ્યરાજસિંહ જાડેજા સહિતના સ્ટાફે બનાવ સ્થળની આજુબાજુના સીસીટીવી કેમેરા તેમજ આરોપી જે તરફ જતા જોવામા આવેલ તે તમામ રૂટના કુલ ૧૦૦ થી વધુ દુકાનોના સીસીટીવી કેમેરા ચેક કરી આરોપીની ઓળખાણ કરી ગુનાનો ભેદ ઉકેલી વિશાલ કિશન સોલંકી (ઉ.વ.૩૦),(રહે. ચુનારાવાડ શેરી નં-૧, ભાવનગર રોડ), લખન બચુ માલાણી (ઉ.વ.૨૮),(રહે. ચુનારાવાડ શેરી નં-૧/૧૪, કૈલાશ પાનની સામે) ને દબોચી પૂછતાછ હાથ ધરી હતી.

# તાવમાં સપડાયેલ નવા થોરાળાની ૩ વર્ષીય બાળકી આરવી વાજાનું સારવારમાં મોત

### ૩ દિવસ પહેલા તબિયત નાદુરસ્ત જણાતાં આરવીને સિવિલની ઝનાના હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી અચાનક મોતથી પરિવારમાં શોક



રાજકોટ, તા.૨૬

શહેરમાં રોગચાળો વધી રહ્યો છે ત્યારે તાવમાં સપડાયેલ નવા થોરાળાની ૩ વર્ષીય બાળકી આરવી ઉમેશભાઈ વાજાનું સારવારમાં મોત થયું છે. ૩ દિવસ પહેલા તબિયત નાદુરસ્ત જણાતાં આરવીને સિવિલની ઝનાના હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. તેના અચાનક મોતથી પરિવારમાં શોક છવાયો છે.

સિવિલ હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યા મુજબ, આરવી ઉમેશભાઈ વાજા (ઉં. વ. ૩, રહે. આરાધના સોસાયટી, નવા થોરાળા, રાજકોટ)ને તાવ આવતો હોવાથી ૩ દિવસ પહેલા તેના માતા પિતા બાળકીને સિવિલ હોસ્પિટલમાં લાવ્યા હતા. અહીં ડોક્ટરને બતાવતા આરવીને ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં દાખલ કરાઈ હતી.

અહીં ૩ દિવસ તેની સારવાર ચાલી હતી. છતાં તબિયતમાં કોઈ સુધારો થયો નહોતો. ગઈકાલે આરવીની તબિયત વધુ બગડી હતી અને સારવારમાં જ તેને દમ તોડી દીધો હતો. આ અંગે ડોકટરે પોલીસને જાણ કરતા થોરાળા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો.

# શિક્ષણ બોર્ડની કારોબારી, પરીક્ષા સહિતની પાંચ સમિતીની રચના




રાજકોટ તા.૨૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કારોબારી, પરીક્ષા, શૈક્ષણીક અભ્યાસ અને નાણા એમ પાંચ સમિતીની રચના કરી દેવામાં આવી છે. જેમાં બોર્ડની કારોબારી સમિતીમાં હોદાની રૂએ શાળાઓની કચેરીના નિયામક પ્રાથમિક શિક્ષણ નિયામક ઉપરાંત ભાનુપ્રસાદ પટેલ, અજીતકુમાર પટેલ, ડો. જયંતિભાઈ પટેલ, મનુભાઈ પાવરા, તથા પરસોતભાઈ સોનારાને જવાબદારી સોંપવામાં આવી છે. જયારે પરીક્ષા સમિતીમાં ચૂંટાયેલા સભ્યોમાં જસવંતકુમાર રાવલ, ડો. નિદત બારોટ, વિનોદભાઈ પટેલ, ભાવિનભાઈ ભટ્ટની નિયુકિત કરવામાં આવી છે. શૈક્ષણિક સમિતીમાં નિલેશકુમાર સોનારા, દિવ્યરાજસિંહ જાડેજા, જયંતિભાઈ પટેલ, ડો. રાજેષ વ્યાસ અભ્યાસ સમિતિમાં નિલેશકુમાર સોનારા, દિવ્યરાજસિંહ જાડેજા તેમજ નાણા સમિતિમાં જસવંતકુમાર રાવલ, વિનોદભાઈ પટેલ, ડો. રાજેશભાઈ વ્યાસની નિયુકિત કરવામાં આવી છે.

### ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી

# દિવાળીના તહેવારોમાં દાગીના, રોકડ, બેંક લોકરમાં અથવા સબંધીને ત્યાં મુકીને ફરવા જજો

### હેલ્પલાઇન નંબર, શી-ટીમ, સાયબર ફ્રોડ, ગુડ ટચ, બેડ ટચ અંગે પીઆઇ એમ.જી.વસાવા સહિતની ટીમે માર્ગદર્શન આપ્યું



રાજકોટ, તા.૨૬

દિવાળીના તહેવારો પર જો તમે ફરવા જઇ રહ્યા છો તો તમારી પાસે રહેલ દાગીના, રોકડ સહિતની કિંમતી વસ્તુઓ બેંક લોકરમાં અથવા સંબંધીઓને ત્યાં મુકીને ફરવા જાવ તેવું પોલીસે શહેરીજનો સમક્ષ જઇ માર્ગદર્શન આપ્યું હતું. યુનિ. પોલીસે લાઇટ હાઉસમાં જઇ લોકો સાથે સીધો સંવાદ કરી ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી કાર્યક્રમ યોજયો હતો.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી રાધિકા ભારાઇના માર્ગદર્શન હેઠળ યુનિ. પોલીસ મથકના પીઆઇ એમ.જી.વસાવા અને ટીમે ન્યુ રેસકોર્ષ પાસે આવેલ લાઇટ હાઉસ સ્માર્ટ સીટીમાં લોકો સમક્ષ જઇ ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી કાર્યક્રમ યોજયો હતો.

જેમાં શી ટીમ, સાયબર સ્કવોર્ડ, નશામુકત ભારત, શે નો ટુ ડ્રગ્સ, મહિલા પોલીસ મદદ માટે હેલ્પલાઇન નંબર, ગુડ ટચ, બેડ ટચની માહિતી પૂરી પાડી હતી તેમજ દિવાળીના તહેવારોમાં બહારગામ જતી વખતે સોના-ચાંદીના દાગીના, રોકડ તેમજ કિંમતી મુદ્દામાલ બેંક લોકરમાં મુકવા અથવા પડોશી કે પોલીસ સ્ટેશનને જાણ કરવા અંગે માહિતગાર કર્યા હતા.

તેમજ કાર્યક્રમમાં લાઇટ હાઉસના રહીશો દ્વારા પણ તેઓની ત્રણ વાત રજુ કરવામાં આવી હતી. પોલીસ અને લોકો વચ્ચે દ્વિપક્ષી સંવાદ થયો હતો જેમાં ૧૦૦ જેટલા રહીશો જોડાયા હતા.

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Dt.26/10/2024 SATURDAY 08

## દિવાળી પૂર્વે દારૂની રેલમછેલ થાય તે પહેલા જ ક્રાઈમ બ્રાન્ચ ત્રાટકી

# રાજસ્થાનથી આવેલા દારૂના જથ્થા સાથે બે શખ્સો ઝડપાયા

## ૫૭૬ શરાબની બોટલ મળી રૂા.૨.૨૩ લાખનો મુદ્દામાલ જપ્તઃ ક્રાઈમ બ્રાન્ચની ટીમે રીસીવર સાજીદની શોધખોળ આદરી





રાજકોટ તા.૨૬

દિવાળી પૂર્વે શહેરમાં દારૂની રેલમછેલ થાય તે પહેલા જ ક્રાઈમ બ્રાંચ ત્રાટકી હતી અને રાજસ્થાન આવેલા દારૂના જથ્થા સાથે રાજસ્થાની બુટલેગર અને રીક્ષાચાલકને દબોચી દારૂની ૫૭૬ બોટલ સહીત રૂા.૨.૫૩ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. જયારે રીસીવર સાજીદ નામના શખ્સની શોધખોળ હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ ક્રાઈમ બ્રાંચ પીઆઈ એમ.આર. ગોંડલીયા, એમ.એલ. ડામોરની રાહબરીમાં પીએસઆઈ એ.એન. પરમાર ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના એએસઆઈ હરદેવસિંહ જાડેજા, કોન્સ. ગોપાલ પાટીલ, અર્જુન ડવ સહીતના સ્ટાફને જામનગર રોડ, રૂડા ઓફીસની સામેથી દારૂ ભરેલ એક રીક્ષા પસાર થવાની હોવાની મળેલ ચોકકસ બાતમીના આધારે સ્ટાફ વોચમાં હતો.

ત્યારે ત્યાંથી પસાર થયેલ રીક્ષા નં. જીજે ૦૩ બીએકસ ૩૮૬૫ને અટકાવી તેમાં રાખેલ પાર્સલ ખોલી ચેક કરતા તેમાંથી દારૂની ૫૭૬ બોટલ મળી આવતા રીક્ષાચાલક દિનેશ વિજય ગોસ્વામી (ઉ.૩૨) (રહે. જય જવાન, જયકિશાન સોસાયટી શેરી નં.૪) અને તેની સાથે રહેલ જીતેન્દ્ર દેવીલાલ પાલીવાલ (ઉ.૩૧) (રહે. નાથદ્વારા, રાજસ્થાન)ને પકડી પાડી દારૂ અને રીક્ષા મળી કુલ રૂા.૨.૫૩ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.

વધુમાં પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે રાજસ્થાની, જીતેન્દ્ર રાજસ્થાનથી દારૂ ખાનગી વાહનમાં લઈ આવી ગ્રીનલેન્ડ ચોકડી પાસે દિનેશ ગોસ્વામીની રીક્ષા ભાડે કરી જામનગર રોડ પર પરસાણાનગરમાં રહેતા સાજીદ અલ્લારખા લેજાને સપ્લાય કરવા જનાર હોવાની બન્ને શખ્સોએ કબુલાત આપતા રીસીવર સાજીદની શોધખોળ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે રાજસ્થાની જીતેન્દ્ર પાલીવાલ વિરૂધ્ધ દારૂના અનેક ગુના નોંધાયેલ છે. તેમજ રીક્ષા ચાલક પણ દારૂની ખેંપ મારતા અગાઉ પકડાઈ ચુકયો છે.

# દિવાળી સ્પેશિયલ ટ્રેનોમાં રાજકોટથી એક સાપ્તાહિક સ્પે.ટ્રેન દોડશે




રાજકોટ,તા.૨૬

દિવાળી અને છઠ પૂજા પહેલા ભારતીય રેલવેએ મુસાફરોની વધારાની ભીડને દૂર કરવા માટે વિશેષ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લીધો છે.રેલવે વિભાગ ગુજરાતના સુરત, અમદાવાદ, વડોદરા અને રાજકોટ વિસ્તારમાંથી સ્પે.ટ્રેનો દોડાવશે.

રેલવે વિભાગ તરફથી મળતી માહિતી મુજબ અમદાવાદથી ૬ જોડી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો, રાજકોટથી એક સાપ્તાહિક એક્સપ્રેસ ફેસ્ટિવલ સ્પેશિયલ, વડોદરાથી એક સ્પેશિયલ ફેસ્ટિવલ ટ્રેન અને સુરતથી ૨૧ સ્પેશિયલ ફેસ્ટિવલ ટ્રેનો ઉપડશે. આગામી દિવસોમાં દુર્ગા પૂજા, દિવાળી અને છઠ્ઠ પૂજા માટે વતન જતા પ્રવાસીઓના ધસારાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ આ વખતે વધારાની ૮૬ ટ્રેન દોડાવવાનું નક્કી કર્યું છે. જેમાં ૧૩૮૦ ફેરા હશે. આ ટ્રેનો ૧ ઓક્ટોબરથી ૩૦ નવેમ્બર સુધી દોડશે. આ ટ્રેનોથી લાખો પ્રવાસીઓને લાભ થશે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે પશ્ચિમ રેલવેએ ૬૫ ટ્રેનોના ૧૧૧૦ ફેરા દોડાવ્યા હતા.

સુરત રેલવે સ્ટેશનથી આ વર્ષે ૨૧ ટ્રેનો વધારીને કુલ ૮૬ ટ્રેનો કરી આ વર્ષે ૨૧ ટ્રેનો વધારીને કુલ ૮૬ ટ્રેનો હશે. એટલે કે વધારાના ૨૭૦ ફેરા હશે. આમ કુલ ૮૬ ટ્રેનોના ૧૩૮૦ ફેરા હશે. ૧૩૮૦ ફેરામાં ૨૮ લાખથી વધુ પ્રવાસીઓને ફાયદો થશે. મોટાભાગની સ્પેશિયલ ટ્રેનો ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, ઉત્તર ભારત અને ઉત્તર પૂર્વ ભારતના શહેરો માટે દોડાવવામાં આવશે.

તેમાં સૌથી વધુ મુંબઈથી ૧૪ જોડી સ્પેશિલય ટ્રેન દોડાવાશે. સુરત-ઉધનાથી ૮ જોડી સ્પેશિયલ ટ્રેન દોડાવાશે સુરત-ઉધનાથી ૮ જોડી સ્પેશિયલ ટ્રેન દોડાવાશે. ઉપરાંત ૨૦ જોડી સ્પેશિયલ ટ્રેનો સુરત-ઉધના-ભેસ્તાનથી પસાર થશે.

ઉપરાંત ગુજરાતના અન્ય શહેરો વાપી, વલસાડ, વડોદરા, અમદાવાદ, સાબરમતી, હાપા, ઓખા, રાજકોટ અને ભાવનગરથી પણ સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવશે. સૌથી વધુ લાભ સુરત-ઉધનાને થનાર છે.

# રવિન્દ્રનાથ ટાગોર પ્રાથમિક શાળા નં.૨૪બીના નવા બિલ્ડીંગનું ખાતમુહૂર્ત ડો. દર્શિતા શાહના હસ્તે કરાયું



રાજકોટ,તા.૨૬

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ હસ્તકની રવિન્દ્રનાથ ટાગોર પ્રાથમિક શાળા નં. ૨૪બી નું ગુજરાત સરકાર અને સમગ્ર શિક્ષા અભિયાનની ગ્રાન્ટમાંથી આધુનિક સુવિધાથી સજ્જ નવા બિલ્ડીંગનું ખાતમુહૂર્ત વિધાનસભા-૬૯ ના ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટ શહેરના વિવિધ મહાનુભાવો પણ સાથે જોડાયા હતા.આ તકે કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, રાજકોટ પૂર્વ સાસંદ મોહનભાઈ કુંડારીયા, પૂર્વ શહેર પ્રમુખ કમલેશભાઈ મિરાણી, વાઈસ ચાન્સેલર (ઈન્ચાર્જ), સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પો.ડો.કમલસિંહ ડોડીયા, રાજકોટ મહાનગરપાલિકા નેતા શાસક પક્ષ લીલુબેન જાદવ, દંડકથી શાસક પક્ષ મનીષભાઈ રાડીયા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, સહિતના ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા ચેરમેન વિક્રમ પુજારા, વા.ચેરમેન ડો.પ્રવીણકુમાર નિમાવત. શાસનાધિકારી કિરીટસિંહ પરમારના માર્ગદશન હેઠળ શિક્ષણ સમિતિ પરીવાર, યુ.આર.સી., સી.આર.સી. શાળાના આચાર્યઓ દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# સ્માર્ટ સિટી વિસ્તારનો વિકાસ કરવા વાજડીગઢમાં 3 TP સ્કીમ બનાવાશે

■ **TP સ્કીમ ૮૦, ૮૧ અને ૮૨નો ઈરાદો જાહેર કરવા માટે નિર્ણય**



રાજકોટ, તા. ૨૬ઃ રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા)ની ૧૭૪મી બોર્ડ બેઠક મળી હતી જેમાં એકસાથે ૩ નવી ટી.પી. સ્કીમનો ઈરાદો જાહેર કરવા નિર્ણય લેવાયો છે. આ ત્રણેય ટી.પી. સ્કીમ વાજડીગઢમાં આવેલી છે કે જે રૈયા સ્માર્ટ સિટીની સામેનો જ વિસ્તાર છે તેથી શહેરી અને ગ્રામ્ય બંને વિસ્તારોમાં સ્માર્ટ સિટીને ધ્યાને લઈને ઝડપથી ટી.પી. સ્કીમ પર નિર્ણય લેવાઈ રહ્યો છે.

બોર્ડ બેઠકમાં વેજાગામ-વાજડીગઢ ટી.પી. સ્કીમ ૮૦, ૮૧, ૮૨નો ઈરાદો જાહેર કરવા નિર્ણય લેવાયો છે. ટૂંક સમયમાં સરવે નંબરનો સમાવિષ્ટ, જમીન માલિકો સાથે બેઠક સહિતની વિગતો પણ જાહેર કરાશે. આ કારણે વેજાગામ વાજડીગઢમાં ચાલતા વર્તમાન પ્રોજેક્ટ તેમજ ભવિષ્યના પ્રોજેક્ટને વેગ મળશે અને તેની અસર સીધી જ બાંધકામ ઉદ્યોગ પર દેખાશે.

આ ઉપરાંત સોખડા, માલિયાસણ ટી.પી સ્કીમ ૪૧ અને મનહરપુર-રોણકી ૩૮/૨ની ટી.પી.ઓ. દ્વારા કામ ચલાઉ પુનર્રચનાની દરખાસ્ત આવેલી છે જેમાં પરામર્શ આપવાનો પણ નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત ત્રીજો ડ્રાફ્ટ ડેવલપમેન્ટ પ્લાન બનાવવા પણ મંજૂરી અપાઈ છે.

**કાંગશિયાળીને હાઈવેથી જોડતો ૪૫ મીટરનો રોડ બનશે**

બોર્ડ બેઠકમાં નેશનલ હાઈવે ૨૭ પર ખોડિયાર હોટેલથી કાંગશિયાળી ગામના ગેટ સુધી ૪૫ મીટર પહોળાઈનો નવો ડી.પી. રોડ બનાવવા માટે નિર્ણય લેવાયો છે.

આ ઉપરાંત જે જે આવાસો ફાળવણી કરી હોય અને તેમના દ્વારા આવાસના દસ્તાવેજ ન કરાવાતા હોય તેવા લાભાર્થીઓને આવાસની ફાળવણી રદ કરવા નિર્ણય લેવાયો છે. અંતમાં રૂડાના વર્ષ ૨૦૨૩-૨૪ના વાર્ષિક હિસાબોને મંજૂરી અપાઈ હતી.

# જાણીતા ધારાશાસ્ત્રી, પુર્વ કોર્પોરેટર, લીગલ સેલ પ્રદેશના પુર્વ સહ કન્વીનર દીલીપ પટેલનો જન્મ દિવસ






રાજકોટ, તા. ૨૬ઃ રાજકોટ શહેરના જાણીતા ધારાશાસ્ત્રી અને બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના પુર્વ ચેરમેન અને બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના મેમ્બર, પુર્વ ભારતીય જનતા પાર્ટીના કોર્પોરેટર અને વર્ષો સુધી ગુજરાતના વકીલોનું ભારતીય જનતા પાર્ટીમાં સંગઠન કરનાર પ્રદેશ ભા.જ.પ.ના પુર્વ સહ કન્વીનર દીલીપ પટેલનો શનિવારે .૨૬/૧૦/૨૪ના રોજ જન્મ દીવસ છે. યુવા કાળથીજ વિધાર્થી ચળવળમાં જોડાયેલ અને લો કોલોજમાં G.G.S. બનનારા દીલીપ પટેલ નાનપણ થી જ ભા.જ.પ. અને પહેલા જનસંઘ સાથે જોડાયેલ હતા સ્વ. અભય ભારદ્વાજની સાથે વકીલ તરીકે જોડાયેલા અને સફળતાના શીખરો સુધી પહોચેલા હતા. ગુજરાત અને ભારતના વરીષ્ઠ નેતાગણ, વરીષ્ઠ વકીલો સાથે નાતો ધરાવતા દીલીપ પટેલને જન્મ દીવસે શુભેચ્છાઓનો મારો થઈ રહેલ છે. હાલમાં જ પોતાની પટેલ લો ફર્મ નામથી સ્વતંત્ર ઓફીસ બનાવી અને સ્વતંત્ર વકીલાત કરનાર દીલીપ પટેલને નવી ઓફીસ બનતા પણ શુભેચ્છકો, મિત્રો, વકીલો, ડોકટરોએ શુભેચ્છા પાઠવેલ હતી. સતત વકીલોના પ્રશ્નો અને લોકોને થતા અન્યાય સામે લડતા જાગૃત એવા દીલીપ પટેલને શુભેચ્છાઓ મળી રહેલ છે

# ક્રિએટિવ ચેસ એકેડેમી રાજકોટ દ્વારા ઓપન ગુજરાત બાળકોની ચેસ ટુર્નામેન્ટ સંપન્ન





રાજકોટ, તા. ૨૬ઃ ક્રિએટિવ ચેસ એકેડેમી દ્વારા તારીખ ૨૦ના રોજ ડો.આંબેડકર પ્રાર્થના હોલ, લક્ષ્મી સોસાયટી રાજકોટ ખાતે કરવામાં આવેલ હતું. જેમાં ૨૦૦ થી વધુ બાળકોએ ભાગ લીધેલો હતો. આ ટુર્નામેન્ટમાં વિજેતા ખેલાડીઓને કુલ રૂપિયા ૨૭,૦૦૦ના રોકડ ઈનામો, ૬૫ ટ્રોફી, ૧૩૫ મેડલના પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. ચીફ આર્બિટર રૂશાંગ ત્રિવેદી, સહ આર્બિટર કિશોર સિંહ જેઠવા, મહેશ ચૌહાણ, રાજુ લખલાણી , હરિન્દ્રસિંહ જેઠવા તેમજ શુભેચ્છકો ઉમેશ શેઠ, નરેશ સોલંકી, કલ્પેશ દિહોરા, દીપમાલા ચંદે,સુધાકર મિશ્રા, ગુંજન વડોયા દ્વારા ખૂબ જ જહેમત ઉઠાવી ટુર્નામેન્ટ ને સફળ બનાવવામાં બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું.

# બનાવટી દસ્તાવેજો સાથે ૪૮ બાંગ્લાદેશી નાગરિક અમદાવાદના ચંડોળા વિસ્તારમાંથી ઝડપાયા

## બાંગ્લાદેશીઓને પકડવા પોલીસ નિયમિત કાર્યવાહી ન કરતી હોવાને કારણે હજારો લોકો ગેરકાયદેસર રીતે ગુજરાતમાં ઘૂસ્યા

અમદાવાદ, તા. ૨૬ઃ શહેરના ચંડોળા તળાવ આસપાસના વસાહતમાં મોટા પ્રમાણમાં બાંગ્લાદેશીઓ ગેરકાયદેસર રહે છે. ક્રાઈમબ્રાંચે ગુગલ અર્થની ટેકનોલોજીની મદદથી એનાસીલીસ કરીને કરેલી કાર્યવાહીમાં ૨૦૦ જેટલા શકમંદોની પુછપરછ કરી હતી. જેમાં ૪૮ જેટલા બાંગ્લાદેશી નાગરિકોને બનાવટી દસ્તાવેજો સાથે ઝડપીને કાર્યવાહી કરી છે. અમદાવાદ ક્રાઈમબ્રાંચના અધિકારીઓને બાતમી મળી હતી કે ચંડોળા તળાવ, સરદારનગર, કુબેરનગર, નરોડા પાટિયા વિસ્તારમાં છેલ્લાં ઘણ સમયથી ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશી નાગરિકો આવીને મોટાપ્રમાણમાં રહેવા લાગ્યા છે. જે બાતમીને આધારે ક્રાઈમબ્રાંચની ટીમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. જેમાં ચંડોળા તળાવની આસપાસના વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરીને ૧૦૦થી વધુ મહિલાઓ અને સગીરા સહિત ૨૦૦ શંકાસ્પદ લોકોની અટકાયત કરીને તપાસ શરૂ કરી હતી. જેમાં ૪૯ બાંગ્લાદેશી નાગરિકો બનાવટી દસ્તાવેજ સાથે રહેતા હોવાનું જાણવા મળ્યું હતું. આ નાગરિકોમાં ૩૨ પુરૂષો , ૮ મહિલા અને છ સગીરાનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત, પોલીસે વધુ ૨૫૦ શકમંદોની પુછપરછ શરૂ કરી હતી. પોલીસને જાણવા મળ્યું હતું સગીરાને બાંગ્લાદેશમાંથી એજન્ટની મદદથી ગુજરાતમાં લાવીને ભીખ માંગવા તેમજ દેહ વ્યાપારમાં ધકેલવામાં આવી હતી. આ અંગે ક્રાઈમબ્રાંચના એસીપી ભરત પટેલે કહ્યું હતું કે ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશી નાગરિકોને ઝડપી લેવા માટે આગામી દિવસોમાં પણ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવશે.



ચંડોળા તળાવની આસપાસમાં ગુજરાતની સૌથી મોટી વસાહત ઉભી થઇ છે. જેમાં હજારો લોકો બાંગ્લાદેશથી ગેરકાયદેસર રીતે આવીને સ્થાયી છે. ચંડોળા તળાવની આસપાસની વધતી જતી વસાહત અંગે સર્વે કરવા માટે અમદાવાદ ક્રાઈમબ્રાંચ દ્વારા ગુગલ અર્થની ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

જેમાં ૨૦૧૧ની ચંડોળા તળાવની ઈમેજ અને ૨૦૨૪ની ચંડોળા તળાવની ઈમેજને મેચ કરી ત્યારે ૭૦ ટકા જેટલા વિસ્તારમાં ગેરકાયદેસર વસાહત ઉભી થઇ છે. જે ઈમેજના આધારે પોલીસે પ્લાન કરીને શંકાસ્પદ સ્થળો પર કાર્યવાહી શરૂ કરી છે. જે આગામી સમયમાં ચાલુ રહેશે.

અમદાવાદમાં ચંડોળા તળાવનો વિસ્તાર ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશીઓની સૌથી મોટી વસાહત બની ગયો છે. જ્યાં દિવસને દિવસે વસ્તી વધી રહી છે. અમદાવાદ ક્રાઈમબ્રાંચના સ્પેશીયલ ઓપરેશન ગ્રુપ દ્વારા ચંડોળા તળાવની આસપાસમાં અનેકવાર દરોડાની કાર્યવાહી કરવામાં આવી છે. પરંતુ, પોલીસની નિયમિત કામગીરી ન હોવાને કારણે બાંગ્લાદેશીઓની વસાહતમાં હજારો લોકો ગેરકાયદેર રીતે આવીને વસ્યા છે. ખાસ કરીને ડ્રગ્સ, આતંકવાદ કનકેશન, સગીરા અને યુવતીઓને દેહવ્યપારમાં ધકેલવા જેવા અનેક ગુના કેટલાંક ગેંગ દ્વારા આચરવામાં આવે છે.

# દિવાળીના તહેવારોમાં હસ્તકલાના કારીગરોને વેચાણ માટે રાજકોટના ક્રિસ્ટલ મોલમાં સખી મેળાનુ આયોજન

રાજકોટ, તા. ૨૬ઃ દિવાળીના તહેવારોમાં હસ્તકલાના કારીગરોને વેચાણ માટે સબળ પ્લેટફોર્મ મળી રહે, તે માટે રાજકોટના કાલાવડ રોડ સ્થિત ક્રિસ્ટલ મોલ ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા સખી મેળાનું તા. ૨૭ સુધી આયોજન થયું છે. આ સખી મેળામાં આઠ જેટલા સ્ટોલ હસ્તકલાના કારીગરોને ફાળવવામાં આવ્યા છે.

આ સખી મેળામાં એક સ્ટોલ મોરબીના સખી મંડળને ફાળવવામાં આવ્યો છે. આ જય બજરંગ મહિલા મંડળ સખી મંડળના સભ્યશ્રી મીનાબહેન સખનપરા પ્રજાપતિ કહે છે કે અમે અમારા પરંપરાગત લાકડાના રમકડા બનાવવાનું કામ કરીએ છીએ. આજના આધુનિક સમયમાં




પ્લાસ્ટિક અને રબરના રમકડા સામે લાકડાના હાથેથી બનાવેલા રમકડાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે અમારા જેવા કારીગરોને સરકારે રાજકોટના પોશ એરિયા કાલાવડ રોડના ક્રિસ્ટલ મોલમાં વિનામૂલ્યે વેચાણ માટે ખુબ ઉત્તમ માધ્યમ પૂરું પાડયુ છે. જેનાથી અમને સારી એવી આવક મળી રહે છે. લાકડાની ખાટલી, ચકરડી, ગાડુ, વેલણ, પાટલી, ધુધરા સહિતના ૨૫ જાતના લાકડાના રમકડાઓમાં બનાવવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે સખી સ્ટ્રીટમાં ઉપરોક્ત ૪ સખી મંડળ ઉપરાંત જૂનાગઢનું યમુનાજી મંગલમ જૂથ, જૂનાગઢનું વ્રજ મંગલમ જૂથ, નવસારીનું સહીયાદરી સખી મંડળ અને છોટાઉદેપુરના જય અંબે સખી મંડળનો સ્ટોલ છે. રાજકોટ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી એ. કે. વસ્તાણીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ સખી સ્ટ્રીટની મુલાકાત લઈને સ્વસહાય જુથની મહિલાને પ્રોત્સાહિત કરવા આજીવિકા મિશન મંગલમના અધિકારીશ્રી વી. બી. બસિયા દ્વારા અનુરોધ કરાયો છે.

# રાજ્યમાં બોટિંગ અને વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટી વધુ સલામત બનાવાશે

## ■ ગુજરાત ઇનલેન્ડ વેસેલ્સ નોંધણી, સર્વેક્ષણ અને સંચાલન નિયમો ૨૦૨૪ને મુખ્યમંત્રીશ્રીની મંજૂરી





ગાંધીનગર, તા. ૨૬ઃ રાજ્ય સરકારે ગુજરાત ઇનલેન્ડ વેસેલ્સ ૨૦૨૧ની જોગવાઇઓ અનુસાર કેટેગરી 'ઈ' ઇનલેન્ડ વેસેલ્સની નોંધણી, સર્વેક્ષણ અને સંચાલન માટેના આ નિયમોનો ડ્રાફ્ટ જૂન-૨૦૨૪માં તૈયાર કરીને તેમાં લોકોના વાંધા સુચનો આમંત્રિત કરવા પ્રસિદ્ધ કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે હરણી તળાવ બોટની ઘટના પછી રાજ્યમાં વોટર સ્પોર્ટ્સ તથા બોટિંગ એક્ટિવિટી વધુ સુરક્ષિત અને સલામત બનાવવા પ્રાથમિકતા આપી છે.

તદ્અનુસાર રાજ્ય સરકારે જાહેર કરેલા આ નવા નિયમો ૧૦ મીટરથી ઓછી લંબાઈના પ્લેઝર ક્રાફ્ટ- હોડી- બોટ માટે લાગુ કરવામાં આવ્યા છે.

શહેરી અને ગ્રામિણ વિસ્તાર તથા અન્ય સત્તાધિકારીઓની ભૂમિકાઓ અને જવાબદારીઓના સંદર્ભમાં પણ નિયમોમાં વિસ્તૃત જોગવાઈ કરવામાં આવી છે. તેમજ ઓપરેટરનો રોલ, લાઈફ જેકેટ, મન્થલી મેઈન્ટેનન્સ, ક્વોલિફાઈડ ક્રુ મેમ્બર્સ, લાઈફ બોટ, ઈમરજન્સી રિસ્પોન્સ બોટ, સલામતિના સાધનો, જનજાગૃતિ અને પર્યાવરણીય સલામતીના ધોરણો પણ વિસ્તૃત બનાવવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં જાહેર કરાયેલા આ નવા નિયમો રાજ્યમાં વોટર સ્પોર્ટ્સ અને બોટિંગ પ્રવૃત્તિઓને મજબૂત કરશે.

એટલું જ નહીં સલામતીનાં પગલાં, નિયમિત ઇન્સપેક્શન સહિતની બાબતો લાગુ થવાથી બોટિંગ અને વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટીમાં સંભવિત જોખમો ઘટાડી શકાશે. તેમજ રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રને વેગ અને રોજગાર વૃદ્ધિ સાથે એકંદર

# શહેરો લાસ્ટ માઈલ કનેક્ટિવિટીની સુગમ અર્બન મોબિલિટી ધરાવતા શહેરો બની રહ્યા છેઃ મુખ્યમંત્રીશ્રી

## ■ ગાંધીનગરના મહાત્મા મંદિરમાં ૧૭મી અર્બન મોબિલિટી ઈન્ડિયા કોન્ફરન્સનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી



મુખ્યમંત્રીશ્રી ગાંધીનગરનાં મહાત્મા મંદિરમાં આયોજિત ૧૭મી 'અર્બન મોબિલિટી ઈન્ડિયા કોન્ફરન્સ'ના ઉદઘાટન અવસરે સંબોધન કરી રહ્યા હતા. ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા આ ત્રિ-દિવસીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે.

દેશના વિવિધ રાજ્યોના શહેરી વિકાસ મંત્રાલય અને વિભાગના વરિષ્ઠ અધિકારીઓ, અર્બન ટ્રાન્સપોર્ટ અને મોબિલિટી ક્ષેત્રે કાર્યરત તજજ્ઞો, સંસ્થાઓના પ્રતિનિધિઓ આ કોન્ફરન્સમાં સહભાગી થયા છે.

મુખ્યમંત્રીશ્રીએ એવો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં દેશના રાજ્યોએ અર્બન મોબિલિટી સેક્ટરમાં અપનાવેલા વિકાસ મોડલ તથા અન્ય પહેલોના પરસ્પર વૈચારિક આદાન-પ્રદાન માટે આ કોન્ફરન્સ ઉપયોગી બનશે.

ભારત આજે પાંચમી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે, તેમાં પાછલાં ૧૦ વર્ષોમાં થયેલા સામાજિક, આર્થિક, ઔદ્યોગિક વિકાસ સાથે શહેરીકરણનો પણ મહત્વનો ફાળો રહ્યો છે. ગુજરાતે તો પાછલાં ૨૩ વર્ષથી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં શહેરી વિકાસ અને શહેરી પરિવહન-અર્બન મોબિલિટીમાં અનેક નવા પરિમાણો મેળવ્યા છે, એમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું કે, વિકાસ કામો નાણાંના અભાવે ક્યારેય અટકે નહીં તે સુનિશ્ચિત કરીને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરી વિકાસ માટે માતબર બજેટ પણ ફાળવવા શરૂ કર્યા છે. ૨૦૦૧-૦૨માં રૂ. ૭૫૦ કરોડનું શહેરી વિકાસ બજેટ હતું તે આજે રૂ. ૨૧,૭૦૦ કરોડને પાર કરી ગયું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે આયોજનબદ્ધ શહેરી વિકાસને નવી દિશા આપતા શહેરી વિકાસ વર્ષ, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, સાબરમતી રિવરફ્રન્ટ જેવા વિઝનરી પ્રોજેક્ટ સફળ બનાવ્યા છે તેની પણ વિસ્તૃત ભૂમિકા આપી હતી.

ગુજરાતના શહેરી ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમારે આભારવિધિ કરી હતી.

# ગુજરાત-રાજસ્થાન બોર્ડર પરથી ઝડપાઈ ૭ કરોડથી વધુની રકમ

(સામના મિરર, સંવાદદાતા)

બનાસકાંઠા, તા. ૨૬: અમીરગઢ ચેકપોસ્ટને અડીને આવેલી રાજસ્થાનની માવલ ચેકપોસ્ટ પરથી રાજસ્થાન પોલીસની હવાલા નેટવર્ક પર મોટી કાર્યવાહી કરવામાં આવી છે. કરોડો રૂપિયા સાથે પોલીસે બે ઈસમોની અટકાયત કરી છે.

આબુરોડ રિક્કો પોલિસ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહી અનુસાર આ માતબર રકમ દિલ્હીથી અમદાવાદ કારમાં લઈ જવામાં આવી રહી હતી.

વાહન ચેકિંગ દરમિયાન બંને ઈસમોને રોકવામાં આવ્યા અને તેમની પુછપરછ કરવામાં આવી દરમિયાન તેમની વાતો પર શંકા જતા કારની તપાસ કરવામાં આવી હતી જેમાં કારમા ભારે માત્રામાં રોકડ રકમ છુપાવીને લઈ જવામાં આવી રહી હોવાનું જણાયું હતું.



કાર ચાલક અને તેની સાથે રહેલા ઈસમને રોકડ રકમ વિષે પૂછતાં તેઓએ પોલિસને કોઈ સંતોષકારક જવાબ ના આપતા અને રોકડ રકમના કોઈ પુરાવા પણ ન બતાવતા રાજસ્થાન પોલિસ દ્વારા રોકડ રકમ ભરેલ કારને રિકકો પોલિસ સ્ટેશનમાં લઈ જવામાં આવી હતી અને આ રકમની ગણતરી કરવાની તજવીજ હાથ ધરાઈ હતી જોકે રકમ વધુ હોવાના કારણે તેને ગણવા માટે બેંકમાંથી કાઉન્ટિંગ મશીન મંગાવવાની ફરજ પડી હતી જેના દ્વારા ગણતરી કરતા કારમાં લઈ જવામાં આવી રહેલ રકમ સાત કરોડ એક લાખ નવસો નવ્વાણું રૂપિયા થઈ હતી.

આયકર વિભાગને કરાઈ જાણ: આબુરોડ રિક્કો પોલીસે કારમાં ગેરકાયદેસર ભારે માત્રામાં રોકડ રકમ લઈ જનાર દાઉદ સિંધી ગોરાઠ અને સંજય રાવલ નામના બે શખ્સની અટકાયત કરી છે. હાલમાં પોલીસ દ્વારા રકમ ક્યાંથી લાવવામાં આવી અને કોને ડીલીવરી આપવાની હતી તેની ઝીણવટભરી પૂછપરછ કરવામાં આવી રહીં છે. સાથે જ પોલીસ દ્વારા મોટી માત્રામાં મળેલ રકમ વિશે આયકર વિભાગને પણ જાણ કરવામાં આવી છે.

# ગોંડલમાં મહંત સ્વામી મહારાજના હસ્તે ૩૭ યુવાનોને ભાગવતી દીક્ષા અપાઈ

- **વરિષ્ઠ સંતો અને હરિભક્તોની ઉપસ્થિતિમાં દીક્ષા મહોત્સવ યોજાયો**
- **દીક્ષા ગ્રહણ કરનાર ૧૧ યુએસએ, ૨ કેનેડા, ૨ યુ. કે, ૩ આફ્રિકા અને એક ઓસ્ટ્રેલિયાના યુવાનોનો સમાવેશ**



ગોંડલ, તા. ૨૬: બોચાસણ વાસી અક્ષર પુરૂષોત્તમ સંસ્થાના વડા પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે ગોંડલ અક્ષર મંદિર ખાતે ૩૭ યુવાનો ભાગવતી દીક્ષા આપવામાં આવી હતી. આ પવિત્ર કાર્યક્રમમાં વરિષ્ઠ સંતો ,યુવાનોના પરિવારજનો, હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. બીએપીએસના તિર્થ ધામ ગોંડલ ખાતે પૂજ્ય મહંત સ્વામીએ ૩૭ યુવાનોને ભાગવતી દીક્ષા આપી હતી. સાંળગપુર મંદિર સ્થિત સંત તાલીમ કેન્દ્રમાં તાલીમ લઈને યુવાનોએ ખાસ યોગ્યતા પ્રાપ્ત કરી છે. દીક્ષા લેનાર યુવાનોમાં ૧ ડોક્ટર, ૧ પીએચડી, ૪ માસ્ટર ડીગ્રી, ૧૨ એન્જીનીયર, ૧૮ સ્નાતક અને ૧ અન્ય શાખાના ઉચ્ચ કારકિર્દી ધરાવે છે.

ગોંડલમાં મહંત સ્વામી મહારાજના હસ્તે ૩૭ યુવાનોને ભાગવતી દીક્ષા અપાઇ ૨ - શળફલયઆ યુવાનો પૈકી ૧૧ અમેરિકાના, ૨ કેનેડાના, ૩ યુકેના,૩ આફ્રિકાના, ૧ ઓસ્ટ્રેલિયાના રહેવાસી છે. આમ, ૧૯ પાર્ષદો પરદેશના છે. ઉલેખનીય છે કે મહંત સ્વામીના વરદ હસ્તે અત્યાર સુધીમાં ૩૨૨ સંતોને દિક્ષા આપવામાં આવી છે. અત્યાર સુધીમાં હાલ બીએપીએસમાં ૧૨૨૦ સંતો વિદ્યામાન થયા છે. દિક્ષા મહોત્સવમાં યુવાનોના પિતાશ્રીઓને વરિષ્ઠ સંતો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગોંડલમાં મહંત સ્વામી મહારાજના હસ્તે ૩૭ યુવાનોને ભાગવતી દીક્ષા અપાઇ ૩ - શળફલયમહંત સ્વામી મહારાજે કહ્યું હતું કે દીક્ષાર્થી સાધુના માતા-પિતા ધન્યવાદને પાત્ર છે. તેમના સંતાનોને સેવામાં સમર્પિત કરી દીધા છે. સાધુનો માર્ગ સહેલો નથી. તપ, વ્રત, સેવા, ભક્તિ અને મન જીતવાનનું છે. આ બધુ સતપુરૂષને મળ્યા વિના પત્તો ન પડે. મહારાજ સ્વામીએ સ્વીકાર્યા છે.

# રાજકોટમાં પાડોશમાં રહેતા ૯૨ વર્ષના વૃદ્ધે ચાર વર્ષની માસુમ બાળકી સાથે શારીરિક અડપલાં કર્યા

રાજકોટ, તા. ૨૬ઃ હેવાનિયતની હદ વટાવતો વધુ એક કિસ્સો રાજકોટમાં સામે આવ્યો છે. રાજકોટ શહેરના રેલનગર વિસ્તારમાં શેરીમાં રમતી ૩ વર્ષની માસુમ બાળકી સાથે પાડોશમાં રહેતા ૯૨ વર્ષના વૃદ્ધે શારીરિક અડપલાં કર્યા હોવાની ઘટના સામે આવી છે. આજે આ ઘટના સામે આવતા ચારે કોરથી આ વૃદ્ધ પર ફિટકાર વરસી રહી છે. હાલ સમગ્ર મામલે પ્રધુમનનગર પોલીસે પોકસો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ શહેરના રેલનગર વિસ્તારમાં રહેતી મહિલાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે નવલશંકર કલ્યાણજી દેસાઈ (ઉ.વ.૯૨)નું નામ આપતાં પ્રધુમનનગર પોલીસે બીએનએસ એક્ટ કલમ ૭૫ અને પોકસો એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ફરિયાદી



અને તેનો પરિવાર રેલનગર વિસ્તારમાં રહે છે અને તેમને સંતાનમાં ત્રણ વર્ષની દીકરી છે. તેમની ચાર વર્ષની માસુમ દીકરી ગઈકાલે સાંજના ૫ વાગ્યે પોતાના ઘર સામે શેરીમાં રમતી હતી, ત્યારે ત્યાં પાડોશમાં જ રહેતો આરોપી નવલશંકર દેસાઈ અચાનક ધસી આવ્યો હતો અને બાળકીને ફોસલાવી તેના શરીરે અડપલાં કરવા લાગ્યો હતો એટલેથી ન અટકેલા વૃદ્ધે હવસની તમામ હદ વટાવી દીકરીને તેણીના ગુપ્તાંગમાં હાથ ફેરવ્યો હતો અને તે સમયે પીડાથી કણસી ઉઠેલી બાળકીએ રાડા રાડી કરતાં તેની માતા સહિતના પરિવારજનો દોડી આવ્યાં હતાં હેબતાઈ ગયેલી બાળકીને છોડાવી તુરંત પોલીસ મથકે પહોંચ્યા હતાં. બનાવ અંગે પ્રધુમનનગર પોલીસે ગુનો નોંધી પીઆઈ ભાર્ગવ ઝણકાંતની ટીમે હવસખોર વૃદ્ધ આરોપીની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

**સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ**

રાજકોટ શહેર ડીસીપી ઝોન ૨ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, ગઈકાલે રેલનગર વિસ્તારમાં ૪ વર્ષની બાળકી સાથે શારીરિક અડપલા કરવાની ઘટના સામે આવી છે જેમાં પડોશમાં રહેતા ૯૨ વર્ષના શખસે અડપલાં કર્યા હોવાનું સામે આવ્યું છે. જે સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં પણ કેદ થવા પામી છે, માટે સાંયોગિક પુરાવા રૂપે કેમેરા ફટેજ કબ્જે કરવામાં આવ્યા છે. અને આરોપીની ધરપકડ કરી તેના વિરુદ્ધ બીએનેસની કલમ ૭૫ તેમજ પોક્સો એક્ટ હેઠળ કાર્યવાહી કરી કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટ દ્વારા તેને જેલ હવાલે કરવા હુકમ કર્યો છે. આ ગંભીર ઘટનામાં એક સપ્તાહની અંદર ચાર્જશીટ તૈયાર કરી કોર્ટમાં રજુ કરી આરોપીને શખ્તમાં શખ્ત સજા થાય તે મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# આરોપીઓએ રાજકોટમાં સમલૈંગિંક સબંધ બાંધવા આવેલાં યુવાનને મારમારી આઈફોન અને રોકડ રકમની લૂંટ ચલાવી હતી

## ■ જામનગરના બે શખ્સોની પોલીસે કરી ધરપકડ

રાજકોટ, તા. ૨૬ઃ રાજકોટમાં સમલૈંગિક સંબંધ બાંધવા આવેલાં યુવાનને મારમારી આઈફોન તેમજ રોકડ રકમની લૂંટ ચલાવનાર જામનગરના બે શખસોની પોલીસે ગણતરીની કલાકોમાં ધરપકડ કરી રોકડ અને મોબાઈલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભોગ બનનાર ૨૩ વર્ષીય યુવાન સમલૈંગીક એપ મારફતે રૂદ્ર ગૌસ્વામી સાથે સંપર્કમાં આવ્યો હતો સંબંધ બાંધવા માટે બોલાવી લૂંટ ચલાવતા મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો હતો અને પોલીસે આરોપીને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ શહેર ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, સમલૈંગિક સબંધ બાંધવા યુવાનને બોલાવ્યા બાદ મુંજકા ચોકડી તરફ લઈ જઈ ત્યાં માર મારી જામનગરના બે



શખસોએ મોબાઈલ અને રોકડની લૂંટ ચલાવી નાસી છૂટતાં યુનિવર્સિટી પોલીસે લૂંટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ફરિયાદી ભોગ બનનાર ૨૩ વર્ષીય યુવાન સમલૈંગિક એપ મારફતે પ્રતીકગીરી ગોસ્વામી ઉર્ફે રૂદ્ર ગોસ્વામી સાથે સંપર્કમાં આવ્યાં બાદ સાંજના બસ સ્ટેન્ડ પાસે મળવા બોલાવી બાઈકમાં મુંજકા ચોકડી તરફ લઈ જઈ કારસ્તાન કર્યું હતું. બનાવ અંગે ગોકુલધામ સોસાયટી રોડ પર આવેલ આવાસ ક્વાર્ટરમાં રહેતા ૨૩ વર્ષીય યુવાને નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રૂદ્ર ગોસ્વામી અને રાજદીપ ગોસ્વામીનું નામ આપતાં પોલીસે બીએનએસ એક્ટ કલમ ૩૦૯(૬),૫૪ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસે તપાસ કરતા લૂંટ ચલાવનાર આરોપીઓ જામનગરના બ યુવાન હોવાનું સામે આવતા તપ હાથ ધરી ચોક્કસ બાતમીના અને ટેક્નિકલ સોર્સીસના આધારે ૧૫૦ ફૂટ રિંગરોડ પરથી પ્રતિકગીરી ઉર્ફે રૂદ્ર દોલતગીરી ગોસ્વામી (ઉ.વ.૨૨) અને રાજદીપગીરી પ્રવિણગીરી ગોસ્વામી (ઉ.વ.૨૪)ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ટિન્ડર અને બમ્બલ નામની એપ્લિકેશન ઉપયોગ કરી છોકરા છોકરીઓ ડેટિંગ કરતા હોય છે એ રીતે હીસે (heesay) નામની એપ્લિકેશન સમલૈંગિક સબંધ માટે ઉપયોગ કરતા હોય છે. એ જ રીતે ફરિયાદી અને આરોપીઓનો આ એપ્લિકેશન મારફતે જ ઓળખાણ થઇ હોવાનું સામે આવ્યું છે.



# રાજકોટ વિદ્યાર્થી આપઘાત કેસમાં ભરવાડ સમાજ મેદાને, ત્રણેય શિક્ષકને ફરજ મુક્ત કરી તેના PF સહિતની રકમ પીડિત પરિવારને આપવા માગ

## ■ ૫ દિવસથી આરોપીઓ ફરાર, શિક્ષણ અધિકારી શિક્ષકોના બચાવની ભૂમિકામાં

રાજકોટ, તા. ૨૬: રાજકોટના લોધિકા તાલુકાના મોટાવડા ગામે ધો. ૧૧ કોમર્સના વિદ્યાર્થી ધ્રુવીલ વરુએ ૧૯ ઓક્ટોબરના રોજ ૩ શિક્ષકના ત્રાસથી સુસાઈડ નોટ લખી આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. જે ઘટનામાં પોલીસે વિદ્યાર્થીને મરવા મજબૂર કરનારા આચાર્ય સચિન વ્યાસ, કાયમી શિક્ષક મોસમી શાહ અને જ્ઞાન સહાયક વિભૂતિ જોષી સામે ૨૦ ઓક્ટોબરના લોધિકા પોલીસે FIR દાખલ કરી.

જે બાદથી એટલે કે, છેલ્લા ૫ દિવસથી ત્રણેય શિક્ષક ફરાર છે અને પોલીસ તેઓને પકડવામાં નાકામ સાબિત થઈ છે. ત્યારે આજે ભરવાડ સમાજના આગેવાનો કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા અને શિક્ષકોને ફરજ મોકૂફ નહીં, પરંતુ ફરજ મુક્ત કરવા માટે માંગણી કરી હતી. તો સાથે જ ગોંડલ કોર્ટમાં શિક્ષકોએ આગોતરા જામીન મુકતા તેની સામે તેમને જામીન ન મળે તે માટે સોગંદનામુ કરવાનું એલાન કર્યું હતું. આ ઉપરાંત આપઘાત કરનાર ૧૫ વર્ષનો વિદ્યાર્થી તેના માતા-પિતાનો એકનો એક પુત્ર હોવાથી પરિવારના કોઈ એક સભ્યને સરકારી નોકરી અથવા તો આર્થિક સહાય કરવામાં આવે તેવી માંગણી કરી હતી.

ભરવાડ સમાજના આગેવાન ભીખા પડસારીયાએ જણાવ્યું હતુ કે, વિદ્યાર્થીના દાદાને અમે મળ્યા તો તેઓ ચોધાર આંસુએ રડી રહ્યાં હતાં અને ન્યાયની માંગણી કરી રહ્યા હતા. જેમાં સરકાર દ્વારા પરિવારને આર્થિક સહાય આપવામાં આવે અથવા તો પરિવારના કોઈ એક સભ્યોને સરકારી નોકરી આપવામાં આવે. કારણ કે, ૧૫ વર્ષના એકના એક દીકરાએ આપઘાત કરી લેતા પરિવારનો આધાર સ્તંભ છીનવાઈ ગયો છે. તે વિદ્યાર્થી ક્લાસમાં મોનિટર હતો અને તે એટલો હોશિયાર હતો કે, સરકારી અધિકારી બની શકત, પરંતુ શિક્ષકોના ત્રાસને કારણે આ વિદ્યાર્થીએ આપઘાતનું અંતિમ પગલું ભર્યું હતું.

### DEOએ શિક્ષકોને ફરજ મુક્ત તો દૂર સસ્પેન્ડ પણ કર્યા નથી

વધુમાં જાણવા મળતી વિગત મુજબ, લોધિકા પોલીસે ત્રઈંછ નોંધ્યા બાદ ત્રણેય શિક્ષકો ફરાર છે અને ત્રણેય શિક્ષકોના ફોન પણ સ્વીચ ઑફ હોવાનુ પોલીસે અગાઊ જણાવ્યું હતુ. વિદ્યાર્થીના આપઘાતની ગંભીર ઘટનાના ૫ દિવસ બાદ પણ પોલીસ આ શિક્ષકોને પકડી શકી નથી અને DEOએ પણ મોડે મોડેથી નોટિસ આપી કામગીરી કર્યાનો દેખાવ કર્યો છે. હજૂ સુધી ઇન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલ દ્વારા આ શિક્ષકોને ફરજ મુક્ત તો દૂર સસ્પેન્ડ પણ કર્યા નથી, જેથી આ અધિકારીની કામગીરી પણ શંકાના દાયરામાં છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું ,કે ત્રણેય શિક્ષકોએ પોલીસની પકડથી બચવા માટે ગોંડલ કોર્ટમાં આગોતરા જામીન મૂકી દીધા છે. આ ગુનામાંથી છૂટી જવા માંગે છે, પરંતુ અમારા સમાજના આગેવાનો દ્વારા તેની સામે સોગંદનામુ કરવામાં આવશે. આ શિક્ષકો જેલ ભેગા થાય અને તેમને કાયમી પણે નોકરીમાંથી ફરજ મુક્ત કરવામાં આવે તેવી માંગણી કરી હતી. આ સાથે જ જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી સામે રોષ વ્યક્ત કર્યો હતો અને તેમની કાર્યવાહી પણ શંકાસ્પદ ગણાવી હતી. રાજકોટ ઇન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે અગાઊ જણાવ્યું હતું કે, શિક્ષણ તંત્ર દ્વારા પ્રાથમિક તપાસ કરાવવામાં આવી છે, પરંતુ અપ મૃત્યુનો કેસ છે. પોલીસ કેસ થયેલો છે અને ફોજદારી ગુનો નોંધાયેલો છે.

ફોજદારી રાહે પોલીસ તપાસ થઈ રહી છે, ત્યારે શિક્ષણ તંત્ર પોલીસની સાથે છે. પોલીસ ખાતાને આધીન શિક્ષણ તંત્ર દ્વારા પગલા લેવામાં આવશે. મોટા વડા સ્કૂલમાં શિક્ષકો તેમજ વિદ્યાર્થીના મિત્રના નિવેદન લેવામાં આવ્યા છે. આ ઉપરાંત ગ્રામજનો અને સરપંચના નિવેદન લેવામાં આવ્યા છે. ફોજદારી તપાસના આધારે શિક્ષણ તંત્ર આગળની કાર્યવાહી હાથ ધરશે. ફોજદારી તપાસમાં શિક્ષકો ગુનેગાર ઠરશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. IPCની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે, ત્યારે તેમાં શિક્ષકો દોષિત ઠરશે તો તેના આધારે શિક્ષણ તંત્રની કાર્યવાહી રહેશે.

# શું છે સેટેલાઈટ સ્પેક્ટ્રમ?

## જાણો કેવી રીતે એલોન મસ્ક જીઓ પર ભારી પડવા જઈ રહ્યાં છે?

નવી દિલ્હી, તા. ૨૬: એલોન મસ્કની એન્ટ્રીની વાતો સાથે ભારતમાં વાયરલેસ ઈન્ટરનેટના નવા યુગનો આરંભ થવા જઈ રહ્યો છે. જાણકારોનું માનીએ તો એલોન મસ્કની કંપની સ્ટારલિંકની ભારતમાં એન્ટ્રી ઘણી વસ્તુઓને બદલી દેશે. જણાવી દઈએ કે, ભારતમાં સેટેલાઈટ સ્પેક્ટ્રમને લઈને કંપનીઓ વચ્ચે મતભેદો છે.એરટેલના સુનીલ મિત્તલે જિયોને સમર્થન આપ્યું છે અને માંગણી કરી છે કે સેટેલાઈટ કંપનીઓએ સ્પેક્ટ્રમ માટે પૈસા ચૂકવવા જોઈએ.

સુનીલ મિત્તલે ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ અને ઈન્ટરનેશનલ ટેલિકોમ યુનિયનની વર્લ્ડ ટેલિકોમ સ્ટાન્ડર્ડાઈઝેશન એસેમ્બલીના ઉદ્ઘાટનમાં આ વાત કરી. અહીં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને આઈટીયુના મહાસચિવ ડોરીન બોગદાન માર્ટિનની હાજરી હતી. ITU વૈશ્વિક સંસ્થા છે અને તમામ સેટેલાઈટ સંચારનું નિયમન કરે છે. એરટેલે ટેલિકોમ ઓપરેટરોની જેમ સેટેલાઈટ કંપનીઓને સમાન સ્તરે જોવાની માંગને ટેકો આપ્યો છે અને એલોન મસ્કની એન્ટ્રી સાથે આ ચર્ચાને છેડી છે. એલોન મસ્કે ડ પર લખ્યું હતું કે, આ અણધારી હશે કારણ કે આ સ્પેક્ટ્રમ લાંબા સમયથી ITU દ્વારા પ્રદાન કરવામાં આવે છે. મસ્કે જિયો અને એરટેલની માંગ સાથે જોડાયેલા

મસ્કની સ્ટારલિંક જેવી વૈશ્વિક સેટેલાઈટ બ્રોડબેન્ડ કંપનીઓ ભારતને સંભવિત બજાર તરીકે જોઈ રહી છે. વર્તમાન નિયમો હેઠળ હરાજી વગર વહીવટી ફાળવણીની મંજૂરી છે. ટેલિકોમ કંપનીઓ વચ્ચે સ્પેક્ટ્રમની હરાજી થાય છે. બીજી તરફ આ ઘટનાક્રમ વચ્ચે સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ આ અઠવાડિયે જાહેરાત કરી હતી કે ભારત વૈશ્વિક ધોરણોને અનુસરીને



સેટેલાઈટ સ્પેક્ટ્રમની વહીવટી ફાળવણી કરશે. આ સ્થિતીમાં એલોન મસ્ક માટે ભારતના દરવાજા ખુલી ગયા છે. બીજી તરફ મિત્તલ અને એલોન મસ્ક મુદ્દે સિંધિયાએ કહ્યું કે, ટેલિકોમ એક્ટ ૨૦૨૩માં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે સેટકોમ સ્પેક્ટ્રમ વહીવટી રીતે ફાળવવામાં આવશે. ભારત વહીવટી રીતે સેટકોમ સ્પેક્ટ્રમ ફાળવીને કંઈ અલગ કરી રહ્યું નથી. જો ભારતે હરાજી દ્વારા સ્પેક્ટ્રમની ફાળવણી કરી હોત તો સ્થિતિ અલગ હોત. તેમણે સ્પષ્ટતા કરી કે આનો અર્થ એ નથી કે તેની કોઈ કિંમત નહીં હોય, તેની કિંમત ચૂકવવી પડશે. સેટેલાઈટ સ્પેક્ટ્રમ એ શેયર્ડ સ્પેક્ટ્રમ છે. તેની કિંમત અલગ રીતે નક્કી કરી શકાતી નથી. TRAI સેટેલાઈટ સ્પેક્ટ્રમની ફાળવણી માટે બેસ્ટ ભાવ ઓફર કરશે. આ મામલે વર્તમાન સ્થિતિ જાળવી રાખવાના સિંધિયાના નિવેદન પર મસ્કે લખ્યું છે કે, અમે તેમના નિવેદનની ખૂબ પ્રશંસા કરીએ છીએ. અમે સ્ટારલિંક સાથે ભારતના લોકોને સેવા આપવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

આ વિવાદ વચ્ચે એરટેલે સ્પષ્ટ કર્યું છે કે તે ભારતમાં કાર્યરત સેટકોમ્સની વિરુદ્ધ નથી. પરંતુ પ્લેઈંગ ફિલ્ડ સમાન હોવી જોઈએ. તેઓ ખાસ કરીને શહેરી વિસ્તારો માટે હરાજી કરવાની માંગ કરી રહ્યા છે. આ તમામ ઝોનમાં લાગુ પડતું નથી. જણાવી દઈએ કે, એરટેલ યુટેલસેટ વનવેબ સાથે સંયુક્ત સાહસમાં છે અને તેણે પહેલાથી જ બે ગ્રાઉન્ડ સ્ટેશન બનાવ્યા છે. આમાંથી એક ગુજરાતમાં અને બીજી તમિલનાડુમાં છે. કંપનીનો ઉદ્દેશ સેટકોમ નેટવર્ક પર ભારતમાંથી આવતા તમામ સંચાર પ્રાપ્ત કરવાનો છે. કંપની હાલમાં આવી સેવાઓ વ્યવસાયિક રીતે ઉપલબ્ધ કરાવવા માટે મંજૂરીની રાહ જોઈ રહી છે. જો સરકાર સેટકોમ ફાળવણી અંગે પોતાનો અભિગમ બદલવાનું નક્કી કરે છે તો તેણે ટેલિકોમ એક્ટમાં સુધારો કરવો પડશે. આ ઉપરાંત તેણે આંતરરાષ્ટ્રીય સ્તરે ITU દ્વારા નિર્ધારિત ધોરણોની વિરુદ્ધ જવું પડશે. ભારતના બે મોટા ઓપરેટરો હરાજી કરવાની માંગ કરી રહ્યા છે. આ સ્થિતિમાં ટેલિકોમ સેક્ટર માટે આવનારા દિવસોમાં રસપ્રદ લડાઈ જોવા મળવાની છે.



### રાજકોટના ત્રિમંદિર ખાતે

# ટીબી મુક્ત ૧૩૫ ગામના સરપંચઓને પુરસ્કાર વિતરણ કાર્યક્રમ તથા કેપેસીટી બિલ્ડીંગ વર્કશોપ યોજાયો

## માનવસેવા એ જ પ્રભુ સેવાને સાર્થક કરી ૨૦૨૫માં સમગ્ર જિલ્લાને ટીબી મુકત કરવાનો સંકલ્પ વ્યક્ત કરતા જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી

રાજકોટ,તા.૨૬

દૂરંદેશી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ટીબી મુકત ભારતના સ્વપનને સાર્થક કરતી રાજકોટ જિલ્લાની ટીબી મુકત ૧૩૫ ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓને ત્રિ-મંદિર ખાતે પુરસ્કાર એનાયત કાર્યક્રમ અને કેપેસીટી બિલ્ડિંગ વર્કશોપ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવિણાબેન રંગાણીએ કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપનસમા ટીબી મુકત ભારત અભિયાનમાં સરાહનીય કામગીરી કરનાર સરપંચો અભિનંદનીય છે, સાથે જ સહિયારા પ્રયાસોથી આવનારા સમયમાં સમગ્ર જિલ્લાને ટીબી મુક્ત બનાવવા માટેની નેમ આપણે હાથ ધરી છે. છેવાડાના માનવી સુધી આરોગ્યની સેવાઓ પહોંચે તે માટે જિલ્લાના સૌ આરોગ્ય કર્મીઓ કટિબદ્ધ થયા છે. વળી માનવસેવા એ જ પ્રભુ સેવા છે તેને નિષ્ઠાપૂર્વક અનુસરવા પ્રમુખશ્રી





રંગાણીએ અનુરોધ કર્યો હતો.

સાંસદ શ્રી રામભાઈ મોકરીયાએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય ટીબી નિર્મૂલન અભિયાનમાં આપણા રાજકોટ જિલ્લાના સરપંચો તથા આરોગ્ય કર્મીઓના સતત પ્રયાસોથી આ ભગીરથ કાર્યમાં સફળતા મળી રહી છે. મોદી કાળમાં લોકોને માતાના ગર્ભમાં રહેલ શિશુ કાળથી અંતિમ ક્ષણ મરણ સુધી તમામ સ્તરે સહાય આપવામાં આવી રહી છે. સાંસદશ્રીએ આશરે ૧૨૦૦ કરોડના ખર્ચે નિર્મિત એઈમ્સ જેવી આરોગ્યની સુવિધાને ગ્રામ વિસ્તાર સુધી પહોંચાડવા સરપંચશ્રીઓ એઈમ્સના સહકાર થકી આરોગ્ય કેમ્પ યોજવા અનુરોધ કર્યો હતો.

આરોગ્ય સમિતિના ચેરમેન શ્રી લીલાબેન ઠુંમરે કહ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં આશરે ૩૨૦૦૦ જેટલી સગર્ભાઓની નોંધણી થાય છે ત્યારે તેમની નોંધણી કરતા તેમજ ગ્રામ વિસ્તારમાં આરોગ્ય અંગે સ્ક્રિનિંગ કરતા તમામ આરોગ્ય કર્મીઓએ કોઈ પણ સગર્ભાને ટીબી જણાય તો તેને પીએચસી થી લઈ જિલ્લા સુધી લઈ આવી તેની આરોગ્ય સુવિધા પૂરી પાડવા માટે પ્રતિબધ્ધ રહેવાથી બે જીવન બચાવી શકાશે. સાથે જ તમામ સરપંચને અનુલક્ષીને તેમણે અનુરોધ કર્યો હતો કે, ગામમાં અનેક પછાત વિસ્તારમાં કોઈ જાગૃતિ ન હોવાથી સરપંચો ત્યાં વિશેષ જાગૃતિ કાર્યક્રમો કરશે તો સમગ્ર જિલ્લામાં ટીબી નિર્મૂલન થવું એ દૂર નથી.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી નવનાથ ગવ્હાણેએ જણાવ્યું હતું કે, સરપંચ માટે પોતાના ગામમાં એક પણ ટીબી પેશન્ટ ન હોવું તે ગર્વની બાબત છે.આજે રાજકોટ જિલ્લાની ૪૦% ગ્રામ પંચાયતો ટીબી મુક્ત છે ત્યારે સરપંચો પોતાના વિસ્તારના ટીબી મુકિત માટેના એમ્બેસેડર બન્યા છે.

માણસનું જીવન બચાવવું એ અતિ મહત્વનું કામ છે ત્યારે આ કાર્ય પાર પાડનાર તમામ ૧૩૫ સરપંચશ્રીઓને તેમણે અતિ ઉમદા કાર્ય માટે અભિનંદન પાઠવ્યા હતા.

### રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા

# સ્થાનિક સ્વરાજ સંસ્થાના ચુટાયેલા જનપ્રતિનિધીઓની સક્રિય સદસ્યતા અભિયાન અંતર્ગત બેઠક યોજાઈ

રાજકોટ,તા.૨૬

માન.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા સદસ્યતા અભિયાનમાં માન.પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના માર્ગદર્શન અંતર્ગત સક્રિય સદસ્યતા અભિયાન અંતર્ગત રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખશ્રી અલ્પેશભાઈ ઢોલરીયાની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં પ્રદેશ કક્ષાએથી સદસ્યતા અભિયાનના પ્રભારીશ્રી અમોહભાઈ શાહ, જીલ્લાના મહામંત્રીશ્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, શ્રી રવિભાઈ માંકડિયા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ પ્રવીણાબેન સંજયભાઈ રંગાણી, અભિયાન સહયોગી શ્રી વિપુલભાઈ મેરાણી તેમજ સદસ્યતા અભિયાનના જીલ્લા ઈન્ચાર્જશ્રી રાજુભાઈ ધારૈયા, સહ-ઈન્ચાર્જશ્રી વલ્લભભાઈ શેખલીયા, જીલ્લા



પંચાયતના સદસ્યશ્રીઓ, તાલુકા પંચાયતના પ્રમુખ- ઉપપ્રમુખ- કારોબારી ચેરમેન, શાસક પક્ષના નેતા તેમજ ચુટાયેલા સભ્યશ્રીઓની રાજકોટ જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે બેઠક મળી હતી. આ બેઠકમાં બુથ દીઠ વધુમાં વધુ સક્રિય સભ્ય ફરજિયાત બનાવવાની સુચના આપવામાં આવી તેમજ એક સપ્તાહના સમયમાં વધુને વધુ પ્રાથમિક સભ્યો બનાવીને બાકી રહેલા બુથમાં પણ વધુમાં વધુ સક્રિય સભ્યો બને એ જોવાની તમામ ચુંટાયેલા પ્રતનિધિઓ તેમજ સંગઠનના હોદ્દેદારોને અપીલ કરવામાં આવી. સમગ્ર બેઠકમાં સક્રિય સભ્ય બનાવવાનું માઈક્રોપ્લાનિંગ સાથે સંચાલન જીલ્લા મહામંત્રીશ્રી નરેન્દ્રસિંહ જાડેજાએ કર્યું હતું, તેમ રાજકોટ જીલ્લા પ્રેસ મીડિયા ઈન્ચાર્જશ્રી રાજેશભાઈ ગોંડલીયા અને સહ-ઈન્ચાર્જશ્રી પ્રકાશભાઈ સોલંકીની યાદીમાં જણાવે છે.

# ૬૦ વેપારી પાસેથી રૂા.૨૧ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરાયું

### જાહેરમાં ગંદકી કરતા લોકો પાસેથી રૂા.૧૪૮૫૦નો દંડ વસુલ



રાજકોટ,તા.૨૬

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૨૪/૧૦/૨૦૨૪ના રોજ ત્રણેય ઝોન વિસ્તારઅલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં તા. ૨૪/૧૦/૨૦૨૪ ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૬૦ આસામીઓ પાસેથી ૩.૨૧ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૪૮૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૦ આસામીઓ પાસેથી ૦.૫૨ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૪૫૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૮ આસામીઓ પાસેથી ૧.૪ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૪૫૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

# દિવાળી પૂર્વે ફૂડ શાખાની શહેરમાં સઘન ચેકીંગ ડ્રાઈવ

## કાલાવડ રોડ, યુનિવર્સિટી રોડ, સોરઠીયાવાડી, રઘુવીરપરા, કોઠારીયા રોડ, ગાંધીગ્રામ, ધર્મેન્દ્ર રોડ, ઠોસા ગલી, નાના મવા રોડ સહિતનાં વિસ્તારોમાંથી ડ્રાયફુટ, મીઠો માવો અને મીઠાઈના ૫૮ નમુના લેવાયા





રાજકોટ, તા.૨૬

તહેવારોને અનુલક્ષીને રાજકોટ મનપાની ફૂડ શાખાએ શહેરના કાલાવડ રોડ, યુનિ. રોડ, સોરઠીયાવાડી સર્કલ, રઘુવીરપરા, કોઠારીયા મેઈન રોડ, ૧૫૦ ફુટ રીંગ રોડ, કેકેવી ચોક, ગાંધીગ્રામ મેઈન રોડ, ગોકુલધામ મેઈન રોડ, ધર્મેન્દ્ર રોડ, ઠોસા ગલી, ઘી કાંટા રોડ, નાના મવા રોડ, હરીઘવા રોડ, મહાદેવ વાડી મેઈન રોડ, ગોવિંદબાગ શાક માર્કેટ પાસે અને સંત કબીર રોડ ઉપર ખાણીપીણીનાં વેપારીઓને ત્યાં સઘન ચેકીંગ હાથ ધર્યુ હતું અને ડ્રાયફુટ, માવો અને મીઠાઈના કુલ ૫૮ નમુના લઈ સેમ્પલો લેબોરેટરી પરીક્ષણ માટે મોકલી આપેલ છે.

ફૂડ શાખાએ જે સ્થળોથી નમુના લીધા છે તેમાં બ્લેક રેઝીન (લુઝ) ઝીવેલ ડ્રાયફ્રૂટ્સ, અર્પણ કોમ્પ્લેક્ષ, શોપ નં.૬, સ્વામીનારાયણ મંદિર સામે, અખરોટ (લુઝ) મે. રમણીકલાલ ગોપાલજી ગાંધી, કોર્નર શોપ નં.૦૬, પંચાયત ચોક, બદામ (લુઝ) જય ભવાની શીંગ સેન્ટર, સોરઠિયાવાડી શેરી નં.૦૬ કોર્નર, કીસમિસ (લુઝ) જય ભવાની શીંગ સેન્ટર, સોરઠિયાવાડી શેરી નં.૦૬ કોર્નર, બદામ ડ્રાયફ્રુટ (લુઝ) સાગર ફૂડ્સ, ૨- રઘુવીરપરા, કાજુ ડ્રાયફ્રૂટ (લુઝ) સાગર ફૂડ્સ, ૨- રઘુવીરપરા તથા પિસ્તા (પેક) સાગર ફૂડ્સ, ૨- રઘુવીરપરા, બેન્ક ઓફ ઈન્ડિયા સામે, અંજીર, સાગર ફૂડ્સ, ૨- રઘુવીરપરા, બેન્ક ઓફ ઈન્ડિયા સામે, કાજુ (પેક) શિવમ ફ્રુટ ડ્રાયફ્રુટ, નીલકંઠ સિનેમા પાસે, બદામ (પેક) શિવમ ફ્રુટ ડ્રાયફ્રુટ, નીલકંઠ સિનેમા પાસે, કાજુ (લુઝ) રાધે ટ્રેડિંગ, હૂડકો બસ સ્ટોપ સામે, કાજુ (લુઝ) શ્રીનાથજી ટ્રેડિંગ કો., હૂડકો ક્વાટર એ-૬૬/૬૭, બદામ (લુઝ) શ્રીનાથજી ટ્રેડિંગ કો., હૂડકો ક્વાટર એ-૬૬/૬૭, બદામ (લુઝ) ઝીવેલ ડ્રાયફ્રુટ, અર્પણ કોમ્પ્લેક્ષ, શોપ નં. ૦૬, વિન્ની પિસ્તા (પેક) રમણીકલાલ ગોપાલજી ગાંધી ક કોર્નર, શોપ નં. ૦૬, પંચાયત ચોક, બેરી (પેક) ક્રન્ચી હેવન, યુનિ રોડ, શિવમ એપાર્ટમેન્ટ, શોપ નં.૧, અંજીર (લુઝ) ક્રન્ચી હેવન, યુનિ રોડ, કાજુ (લુઝ) શ્રી કક્ક્ડ બ્રધર્સ, યુનિ રોડ, કાજુ કતરી (લુઝ) પટેલ સ્વીટસ ડેરી ફાર્મ, ન્યુ એમ્પાયર શોપ નં.-૧૩, ઈન્દિરા સર્કલ પાસે, કેશર પેંડા (લુઝ) બેંગાલ સ્વીટ્સ, બી-૧ ગ્રા.ફ્લોર, એલિગન્સ કોમ્પ્લેક્સ, ઈન્દિરા સિર્કલ પાસે, કાજુ કતરી (લુઝ) બેંગાલ સ્વીટ્સ, બી-૧ ગ્રા.ફ્લોર, એલિગન્સ કોમ્પ્લેક્સ, ઈન્દિરા સિર્કલ પાસે તથા કેસર મલાઈ પૂરી પેંડા (લુઝ) જયશ્રી સીયારામ પેંડાવાલા, કાલાવડ રોડ, સ્પેશિયલ પેંડા (લુઝ) જયશ્રી સીયારામ પેંડાવાળા, કાલાવડ રોડ, રજવાડી પેંડા(લુઝ) ગીરીરાજ ડેરી ફાર્મ, પારિજાત સોસાયટી., થાબડી પેંડા (લુઝ) ગીરીરાજ ડેરી ફાર્મ, પારિજાત સોસાયટી, રૂડાનગર-૨ સામે, મીઠો માવો (લુઝ) લક્ષ્મી જાંબુ, દિપક સોસાયટી, કનૈયા ચોક પાસે, મીઠો માવો (લુઝ) અમૃત ડેરી ફાર્મ, સત્યનારાયણનગર ૮૦ ફૂટ રોડ, મીઠો માવો (લુઝ) ઉમા ડેરી પ્રોડક્ટ્સ (ઉત્પાદક પેઢી), પ્લોટ નં.૩૪, મીઠો માવો (લુઝ) કૃપાનીધિ સ્વીટ (ઉત્પાદક પેઢી), સમ્રાટ ઈન્ડ એરિયા, માવો (લુઝ)શ્રી રામ જાંબુ, ૬૪-બી દિપક સોસાયટી, રૈયા રોડ.

જયારે મોળો માવો (લુઝ) અશોક પેંડા કોર્નર, ઠોસા ગલી, મોળો માવો (લુઝ) સ્થળ- લીલાધર ખીમજી, ઠોસા ગલી, માવો (લુઝ) અમરસિંહ ખીમજી પેંડાવાલા, જૂની શાકમાર્કેટ પાસે, ઠોસા ગલી, માવો (લુઝ) શ્રી કામનાથ સ્વીટ માર્ટ, ઠોસા ગલી, માવો (લુઝ) મહેશભાઈ પેંડાવાલા, કંદોઈ બજાર, માવો (લુઝ) વજુભાઈ પેંડાવાલા, કંદોઈ બજાર, મેસુબ (સ્વીટ-લુઝ) જલિયાણ ફરસાણ, નાના મવા રોડ, સંગમ કતરી બરફી (લુઝ) સુખસાગર ડેરી ફાર્મ, નાના મવા રોડ.

# કોઠારીયામાં સરકારી જમીન પરથી ગૌશાળા-ઢોરવાડાના દબાણની સાફસુફી

## ૧૨૦૦ ચો.મીટર જમીન પર અનઅધિકૃત રીતે ખડકાયેલા સાત જેટલા બાંધકામો તોડી પડાયા



રાજકોટ,તા.૨૬

રાજકોટ શહેર-જીલ્લામાં સરકારી જમીનો પર ગેરકાયદેસર રીતે ખડકાયેલા દબાણોને હટાવવા માટે કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ ખાસ ઝુંબેશ આરંભવામાં આવી છે. જેમાં શહેરના કોઠારીયા વિસ્તારમાં એક કરોડની સરકારી જમીન પરથી ગૌશાળા, ઢોરવાડાના દબાણોની સાફસુફી કરવામાં આવી છે.

કોઠારીયાના સરકારી ખરાબાના સર્વે નં.૩૫૨ પૈકીની અંદાજીત ૧૨૦૦ ચો.મીટર જમીન ઉપર અનઅધિકૃત રીતે ખડકાયેલ ગૌશાળા, ઢોરવાડા સહિતના ૭ જેટલા બાંધકામોની બુલડોઝરો ફેરવી સાફસુફી કરવામાં આવી છે.

તાલુકા મામલતદાર મકવાણા, ના.મામલતદાર રઘુવીરસિંહ અને તેમની ટીમ દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે આ ઓપરેશન ડીમોલેશન કરવામાં આવ્યું હતું. સરકારી ખરાબાના સર્વે નં.૩૫૨ પૈકીની ૧૨૦૦ ચો.મી. જમીનો પર છેલ્લા લાંબા સમયથી આસામીઓએ ગૌશાળા, ઢોરવાડાના અનઅધિકૃત બાંધકામો ખડકી દીધા હતા.

તેમજ અન્ય પાંચ મકાનો ઉભા કરવા માટે દિવાલોનું ચણતર કામ કરવામાં આવેલ હતું. જેને તોડી પાડવા માટે અગાઉ તાલુકા મામલતદાર મકવાણા દ્વારા નોટીસ ફટકારવામાં આવ્યા બાદ ગૌશાળા, ઢોરવાડા સહિતના આ ૭ ગેરકાયદેસર બાંધકામોનું ડીમોલેશન કરી મામલતદાર મકવાણા અને તેમની ટીમે રૂા.૧ કરોડની આ સરકારી જમીન ખુલ્લી કરાવી છે.

# જેતપુર શહેરના પાંચપીપળા રોડ પર બે વયોવૃદ્ધ મિત્રોએ સજોડે આપઘાત કર્યો





જેતપુર,તા.૨૬

જેતપુર શહેરના પાંચ પીપળા રોડ પર આવેલ રહેણાંક મકાનમાં બે વયોવૃદ્ધ મિત્રો ભેગા મળી કોલ્ડ્રીંક્સમાં ઝેરી દવા ગટગટાવી મોતને વ્હાલું કરી લેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામ્યો છે.બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે બનાવની વિગતો મુજબ શહેરના પાંચ પીપળા રોડ પર રેસીડેન્ટ મકાનમાંથી બે મિત્રોએ સજોડે આપઘાત કર્યાનો. કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો જેમાં પાંચ પીપળા રોડ પર રહેતા વસંતરાય તોલારામ ખુવા(ઉ.વ.૬૪ )તેમજ અમૃત કરશનભાઈ મુરાણી (ઉ.વ.૭૦) બંને વયો વૃદ્ધ મિત્રોએ અગમ્ય કારણોસર ભેગા મળી કોલ્ડ્રીંક્સ માં ઝેરી પદાર્થ અથવા તો દવા ભેળવી મોતને વાહલું કર્યું હતું. જે જગ્યા પર બંને મિત્રોએ એક સાથે આપઘાત કર્યો હતો ઘટના સ્થળે બન્ને મિત્રો ખુરશીમાં જ મૃત હાલતમાં મળી આવ્યા હતા. તેમજ એક મૃતકના હાથમાં માળા હતી તેમજ ઘટના સ્થળ પર ઓમ ત્રંબકમ યજામહેના મંત્રના જાપ ચાલુ હતા. પોલીસે બંને મિત્રોની લાશને કબજે કરી પોસ્ટમોર્ટમ અર્થે જેતપુર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા.

# સોનામાં રેકોર્ડ તેજીને બ્રેકઃ રૂ.૮૧૦૦૦ની અંદર ચાંદી બે દિવસમાં રૂ.૨૦૦૦ ગબડી



મુંબઈઃ મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં રેકોર્ડ તેજીને બ્રેક વાગી હતી તથા ભાવમાં ટોચ પરથી પ્રત્યાઘાતી ઘટાડો જોવા મળ્યો હતો. વિશ્વ બજારના સમાચાર ઉછાળે વેચવાલી બતાવતા હતા. વિશ્વ બજાર ઘટતાં ઘરઆંગણે કિંમતી ધાતુઓની ઈમ્પોર્ટ કોસ્ટ નીચે ઉતરતાં દેશના ઝવેરી બજારોમાં આજે ઉંચા મથાળે નવી માગના અભાવે માનસ નફારૂપી વેંચવાનું રહ્યું હતું.

વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૨૭૫૦થી ૨૭૫૧ વાળા નીચામાં ભાવ ૨૭૧૫ થયા પછી ઉંચામાં ભાવ ૨૭૪૧ થઈ ૨૭૩૯થી ૨૭૪૦ ડોલર રહ્યાના સમાચાર હતા. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે આજે અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૫૦૦ તૂટી ૯૯.૫૦ના રૂ.૮૦૮૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૮૧૦૦૦ રહ્યા હતા.

જયારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના વધુ રૂ.૧૦૦૦ ઘટી રૂ.૯૮૦૦૦ રહ્યા હતા. અમદાવાદ ચાંદીના ભાવ બે દિવસમાં રૂ.૨૦૦૦ તૂટયા હતા. વિશ્વ બજારમાં સોના પાછળ આજે ચાંદીના ભાવ ઔંશના ૩૪,.૫૦થી ૩૪.૫૧ વાળા નીચામાં ૩૩.૬૩ થયા પછી ઉંચામાં ભાવ ૩૪.૨૯ થઈ ૩૪.૦૫થી ૩૪.૦૬ ડોલર રહ્યા હતા. જો કે વૈશ્વિક ડોલરના ભાવ આજે ૦.૭૮ ટકા વધ્યા હતા વૈશ્વિક પ્લેટીનમના ભાવ ઔંશના ૧૦૩૪થી ૧૦૩૫ વાળા નીચામાં ૧૦૨૦ તથા ઉંચામાં ભાવ ૧૦૪૪ થઈ ૧૦૩૫થી ૧૦૩૬ ડોલર રહ્યાના સમાચાર હતા. પેલેડીયમના ભાવ ૧૦૭૧થી ૧૦૭૨ વાળા નીચામાં ૧૦૬૬ તથા ઉંચામાં ૧૧૬૬ બોલાઈ ૧૧૨૮થી ૧૧૨૯ ડોલર રહ્યા હતા.

દરમિયાન,મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૭૮૩૭૭ વાળા રૂ.૭૭૮૪૮ થઈ રૂ.૭૭૯૩૩ રહ્યા હતા જયારે ૯૯.૯૦ના ભાવ રૂ.૭૮૬૯૨ વાળા રૂ.૭૮૧૬૧ થઈ રૂ.૭૮૨૪૫ રહ્યા હતા.

મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૯૮૮૬૨ વાળા રૂ.૯૭૪૨૦ થઈ રૂ.૯૭૪૯૩ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં બેતરફી વધઘટ દેખાઈ હતી.

બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૭૪.૭૩ વાળા ઉંચામાં ૭૬.૫૪ થયા પછી નીચામાં ૭૫.૦૯ થઈ ૭૫.૪૮ ડોલર રહ્યાના સમાચાર હતા. અમેરિકામાં ક્રૂડનો સ્ટોક વધ્યાના સમાચાર હતા. યુએસ ક્રૂડના ભાવ ૭૦.૪૧ વાળા ઉંચામાં ૭૨.૩૪ થઈ ૭૧.૩૧ ડોલર રહ્યા હતા.

## ચાલુ માસમાં દેશની વેપાર પ્રવૃત્તિમાં પ્રોત્સાહક સ્થિતિ



મુંબઈઃ સપ્ટેમ્બરમાં સાધારણ મંદ પડયા બાદ ભારતની વેપાર પ્રવૃત્તિમાં ઓકટોબરમાં સાધારણ વૃદ્ધિ જોવા મળી રહી છે. ઉત્પાદન ક્ષેત્રમાં મજબૂત માગને પરિણામે વેપાર પ્રવૃત્તિમાં પ્રારંભિક અંદાજમાં વધારો જોવા મળ્યો છે. રોજગાર નિર્માણની ગતિ પણ ૨૦૦૬ના ફેબ્રુઆરી બાદ સૌથી ઊંચી જોવા મળી છે, એમ એક સર્વમાં જણાયું હતું.

એસએન્ડપી ગ્લોબલ દ્વારા તૈયાર કરાયેલો વર્તમાન મહિના માટેનો એચએસબીસી સંયુકત પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેકસ (પીએમઆઈ) પ્રારંભિક અંદાજ પ્રમાણે ૫૮.૬૦ જોવાયો રહ્યો છે જે સપ્ટેમ્બરમાં દસ મહિનાની નીચી સપાટી સાથે ૫૮.૩૦ રહ્યો હતો. ૫૦થી ઉપરના પીએમઆઈને જે તે ક્ષેત્રનું વિસ્તરણ કહેવામાં આવે છે. ઓકટોબરમાં સતત ૩૯માં મહિને સંયુકત ઈન્ડેકસ ૩૯ની ઉપર રહ્યો છે. જૂન ૨૦૧૩ બાદ આ પ્રથમ જ વખત એકધારું વિસ્તરણ જોવા મળી રહ્યું છે.

ઓકટોબરમાં ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિમાં ગતિ જોવા મળી રહી છે. છેલ્લા બે-ત્રણ મહિનામાં સતત મંદ રહ્યા બાદ ઓકટોબરમાં પીએમઆઈના કેટલાક ઘટકોમાં ગતિ આવી છે, એમ એચએસબીસી ખાતેના ઈકોનોમિસ્ટ પ્રાન્જુલ ભંડારીએ જણાવ્યું હતું. ઘરઆંગણે તથા નિકાસ માટેના નવા ઓર્ડરો ઝડપથી વધ્યા છે જે વર્તમાન વર્ષના બાકીના સમય માટે ઉત્પાદન ક્ષેત્રની કંપનીઓ માટે સ્થિતિ સારી રહેવાના સંકેત આપે છે. ઉત્પાદન ક્ષેત્રનો ઓકટોબરનો પ્રારંભિક પીએમઆઈ ૫૭.૪૦ રહ્યો છે જ્યારે સેવા ક્ષેત્રનો આ આંક ૫૭.૯૦ રહ્યો છે.

## મ્યુચ્યુઅલ ફંડ ક્ષેત્રે નવા રોકાણકારો નાના શહેરોમાંથી

### નાના શહેરોમાં રિટેલ સેગમેન્ટની સરેરાશ ટિકિટનું કદ લગભગ રૂ. ૧.૧૩ લાખ




અમદાવાદઃ મ્યુચ્યુઅલ ફંડ ક્ષેત્રે નાના શહેરોમાંથી આવતા નવા રોકાણકારોની સંખ્યા માસિક ધોરણે વધી રહી છે. મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગે એપ્રિલથી ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં ૨.૩ કરોડ રોકાણકારો (ફોલિયો) ઉમેર્યા છે જેમાંથી ૫૦% થી વધુ નાના શહેરોમાંથી આવે છે તેમ તાજેતરમાં હાથ ધરવામાં આવેલ અભ્યાસમાં જણાવાયું છે. જો કે, નાના શહેરો હજુ પણ મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની એકંદર એસેટ અંડર મેનેજમેન્ટ (એયુએમ)માં માત્ર ૧૯% હિસ્સો ધરાવે છે. આ સૂચવે છે કે જ્યારે આ પ્રદેશોમાંથી વધુ વ્યક્તિઓ રોકાણમાં ભાગ લઈ રહી છે, ત્યારે મોટા શહેરી કેન્દ્રોની સરખામણીમાં સરેરાશ રોકાણનું કદ હજુ પણ ઓછું હોઈ શકે છે.

ઑગસ્ટ ૨૦૨૪ સુધીમાં, મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાંના તમામ સિપ ખાતાઓમાંથી લગભગ ૫૪% નાના શહેરોના સિપ દ્વારા ફાળો આપવામાં આવે છે. નાના શહેરો પાસે મોટી સંખ્યામાં સિપ એકાઉન્ટ્સ છે જે ઓછા શહેરીકૃત વિસ્તારોમાં વધુ પ્રવેશને પ્રતિબિંબિત કરે છે. આ વલણ બચત અને રોકાણની સંસ્કૃતિને ઉત્તેજન આપી શકે છે અને આખરે લાંબા ગાળાના ઉદ્યોગના વિકાસમાં ફાળો આપી શકે છે.એપ્રિલથી ઑગસ્ટ ૨૦૨૪ સુધીમાં, ઈન્ડેક્સ ફંડ્સ (૧૮.૭%) માટે નાના શહેરોમાં સિપ ખાતામાં વૃદ્ધિ દર ઉદ્યોગમાં અન્ય કોઈપણ વર્ગના વૃદ્ધિ દર કરતાં ઊંચો છે. એકંદરે, નાના શહેરોના લગભગ ૭૯% સિપ એકાઉન્ટ્સ વૃદ્ધિ/ઈક્વિટી ઓરિએન્ટેડ સ્કીમ્સ દ્વારા ફાળો આપે છે.

સ્માર્ટફોન એપ્સ, ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ પ્લેટફોર્મ્સ, ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ્સ અને ઉદ્યોગ પહેલના ઉદયને લીધે નાના શહેરોમાં તમામ નવા રોકાણકારોમાંથી ૫૦% થી વધુ લોકો ડાયરેક્ટ પ્લાન દ્વારા રોકાણ કરે છે. નાના શહેરોમાં રિટેલ સેગમેન્ટની સરેરાશ ટિકિટનું કદ લગભગ ૧.૧૩ લાખ રૂપિયા છે જ્યારે શહેરો માટે રિટેલ સેગમેન્ટની સંયુક્ત સરેરાશ ટિકિટનું કદ લગભગ ૨.૦૪ લાખ રૂપિયા છે.

# સેન્સેક્સ ૬૬૨ પોઈન્ટ ઘટીને ૭૯,૪૦૨ પર બંધઃ નિફ્ટી પણ ૨૧૮ પોઈન્ટ ઘટીને ૨૪,૧૮૦ની સપાટીએ બંધ રહ્યો



મુંબઈઃ આજે એટલે કે ૨૫ ઓક્ટોબરે શેરબજારમાં સતત પાંચમા દિવસે ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૬૬૨ પોઈન્ટના ઘટાડા સાથે ૭૯,૪૦૨ પર બંધ રહ્યો હતો. નિફ્ટી પણ ૨૧૮ પોઈન્ટ ઘટીને ૨૪,૧૮૦ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ સમયે, સ્મોલ કેપ ૧,૩૦૭ પોઈન્ટ ઘટીને ૫૨,૩૩૫ પર બંધ રહ્યો હતો.

સેન્સેક્સના 30 શેરોમાંથી ૨૦ ઘટ્યા અને ૧૦ વધ્યા. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૮ ઘટ્યા અને ૧૨ વધ્યા. એફએમસીજી અને હેલ્થકેર ઈન્ડેક્સ સિવાય તમામ સેક્ટર ઘટાડા સાથે બંધ થયા છે. નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સૌથી વધુ ૨.૫૨% ઘટ્યો હતો.

જાહેર ક્ષેત્રની બેંકોના શેરના સૂચકાંકમાં સૌથી વધુ ૩.૩૪%નો ઘટાડો થયો છે. સેન્ટ્રલ બેંક, પીએનબી અને કેનેરા બેંકના શેરમાં ૫%નો ઘટાડો થયો છે. મેટલ અને ઓટો ઈન્ડેક્સ પણ લગભગ ૩% ડાઉન છે. રિયલ્ટી અને મેટલ ઈન્ડેક્સ લગભગ ૨.૫% નીચે છે.

જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો પછી આજે ઈન્ડસઈન્ડ બેન્કના શેર લગભગ ૧૮% જેટલા ડાઉન છે. તે ૨૦૦ રૂપિયા ઘટીને ૧૦૫૦ રૂપિયાની આસપાસ ટ્રેડ કરી રહ્યો છે.સપ્ટેમ્બર ક્વાર્ટરમાં બેંકનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૩૯% ઘટીને ૧૩૨૫ કરોડ રૂપિયા થઈ ગયો છે. એક વર્ષ અગાઉના સમાન ક્વાર્ટરમાં તે રૂ. ૨,૧૮૧ કરોડ હતો.

એશિયન માર્કેટમાં જાપાનનો નિક્કી ૦.૯૭% ડાઉન છે. જ્યારે કોરિયાનો કોસ્પી અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ૦.૪૨%ના વધારા સાથે કારોબાર કરી રહ્યા છે.૨૪ ઓક્ટોબરના રોજ યુએસ ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રીયલ એવરેજ ૦.૩૩% ઘટીને ૪૨,૩૭૪ પર અને ૫૦૦ ૦.૨૧% વધીને ૫,૮૦૯ પર આવી. ૦.૭૬% વધીને ૧૮,૪૧૫ પર છે.ના ડેટા અનુસાર, વિદેશી રોકાણકારો () એ ૨૪ ઓક્ટોબરે ૫,૦૬૨.૪૫ કરોડના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન, સ્થાનિક રોકાણકારો () એ ૩,૬૨૦.૪૭ કરોડના શેર ખરીદ્યા હતા.

પરિવહન, બાંધકામ, તેલ અને ગેસ ક્ષેત્રે કામ કરતી કંપની  ની પ્રારંભિક જાહેર ઓફર () આજે ખુલ્યો છે. રોકાણકારો આ ઈસ્યુ માટે ૨૯ ઓક્ટોબર સુધી બિડ કરી શકે છે. કંપનીના શેર ૪ ઓક્ટોબરે બોમ્બે સ્ટોક એક્સચેન્જ () અને નેશનલ સ્ટોક એક્સચેન્જ () પર લિસ્ટ થશે.

આ પહેલા ગઈકાલે એટલે કે ૨૪ ઓક્ટોબરે શેરબજારમાં સતત ચોથા દિવસે ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૧૬ પોઈન્ટના ઘટાડા સાથે ૮૦,૦૬૫ પર બંધ રહ્યો હતો. નિફ્ટી પણ લગભગ ૩૬ પોઈન્ટ ઘટીને ૨૪,૩૯૯ ના સ્તર પર બંધ થયો.સેન્સેક્સના 30 શેરોમાંથી ૧૯માં ઉછાળો અને ૧૧માં ઘટાડો જોવા મળ્યો હતો. બેન્કિંગ અને ઓટો શેર્સમાં ઉછાળો જોવા મળ્યો હતો. એફએમસીજી અને આઈટી શેર્સમાં ઘાડો જોવા મળ્યો હતો.

# ભારત દ્વારા ચીનના પાંચ ઉત્પાદનો પર એન્ટી ડમ્પિંગ ડ્યુટી લાદવામાં આવી

## આ ડ્યૂટી પાંચ વર્ષના સમયગાળા માટે લાદવામાં આવશે




નવી દિલ્હીઃ ભારતે સ્થાનિક કંપનીઓને ચીનમાંથી સસ્તી આયાતથી બચાવવા માટે પાંચ વર્ષ માટે ગ્લાસ મિરર્સ અને સેલોફેન ટ્રાન્સપરન્ટ ફિલ્મો સહિત પાંચ ચીની પ્રોડક્ટ્સ પર એન્ટિ-ડમ્પિંગ ડ્યૂટી લાદી છે. ચીનમાંથી સસ્તા ભાવે આયાત કરવામાં આવતા આઈસોપ્રોપીલ આલ્કોહોલ, સલ્ફર બ્લેક, સેલોફેન ટ્રાન્સપરન્ટ ફિલ્મ, થર્મોપ્લાસ્ટીક પોલીયુરેથીન અને ફ્રેમલેસ ગ્લાસ મિરર્સ પર આ ડ્યુટી લાદવામાં આવી છે.

આ સામાન ચીનથી સામાન્ય કરતાં ઓછી કિંમતે આયાત કરવામાં આવી રહ્યો હતો. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સએ પાંચ અલગ-અલગ નોટિફિકેશનમાં જણાવ્યું હતું કે આ ડ્યૂટી પાંચ વર્ષના સમયગાળા માટે લાદવામાં આવશે.સરકારે તબીબી અને ઔદ્યોગિક ઉપયોગ માટે આઈસોપ્રોપીલ આલ્કોહોલ પર વિવિધ ચીની કંપનીઓ પર પ્રતિ ટન ૮૨ ડોલર અને ૨૧૭ ડોલર પ્રતિ ટન ડ્યુટી લાદી છે.

તેનો ઉપયોગ એન્ટિસેપ્ટિક અને હેન્ડ સેનિટાઈઝર તરીકે પણ થાય છે. સલ્ફર બ્લેકની આયાત પર પ્રતિ ટન ૩૮૯ ડોલર સુધીની ડ્યુટી લાદવામાં આવી છે.

# સપ્ટેમ્બર ત્રિમાસિકમાં કંપનીઓની આવક વૃદ્ધિ ચાર વર્ષમાં સૌથી ધીમી



મુંબઈઃ વર્તમાન નાણાં વર્ષના સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં ભારતીય કંપનીઓની આવક વૃદ્ધિ વાર્ષિક ધોરણે ૫-૭ ટકા સાથે ચાર વર્ષમાં સૌથી મંદ જોવા મળવાની ધારણાં છે.  ભારતીય કંપનીઓની કુલ રેવેન્યુમાં અંદાજે વીસ ટકા હિસ્સો ધરાવતી બાંધકામ ક્ષેત્રની કંપનીઓની સ્થિર કામગીરીને કારણે એકંદર આવક વૃદ્ધિ પર અસર જોવા મળી રહ્યાનું ક્રિસિલના એક રિપોર્ટમાં જણાવાયું છે.

ઔદ્યોગિક કોમોડિટીસ ક્ષેત્રમાં ઘટાડા અને ઈન્વેસ્ટમેન્ટ સાથે સંકળાયેલા ક્ષેત્રોમાં નરમ વૃદ્ધિની પણ કંપનીઓની એકંદર આવક પર અસર જોવા મળી છે.

એજન્સીના નિરીક્ષણ હેઠળના ક્ષેત્રોમાં  સંયુકત રીતે ૩૮ ટકા હિસ્સો ધરાવતી ઔદ્યોગિક કોમોડિટીસ, ઈન્વેસ્ટમેન્ટ અને બાંધકામ સાથે સંકળાયેલા ક્ષેત્રની કંપનીઓની આવક વૃદ્ધિ માત્ર એક ટકો રહી છે, જેને કારણે એકંદર કામગીરી પર અસર જોવા મળી હોવાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

લિસ્ટેડ માર્કેટ કેપનો લગભગ ૫૦ ટકા હિસ્સો ધરાવતી ૪૩૫ કંપનીઓની એનાલિસિસને આધારે  આ રિપોર્ટ તૈયાર કરાયો છે. જૂન ત્રિમાસિકમાં  આ કંપનીઓની સંયુકત આવક વૃદ્ધિ ૮.૩૦ ટકા રહી હતી. આવક તથા નેટ પ્રોફિટમાં વૃદ્ધિમાં ધીમી પડવાનું કારણ મંદ માગ હોવાનું બીજા ત્રિમાસિક ગાળાના આવી રહેલા પરિણામો પરથી સંકેત મળી રહ્યા છે. કંપનીઓના નેટ વેચાણમાં સાધારણ વધારો જોવા મળી રહ્યો છે. ક્રિસિલના નિરીક્ષણ હેઠળની જે કંપનીઓની આવક વૃદ્ધિ ધીમી જોવાઈ રહી છે,

શ્રી ગણેશાય:નમ:

રાધેકૃષ્ણ

NAMRTA GREEN FOUNDATION

## જાહેર આમંત્રણ

**નમ્રતાગ્રીન ફાઉન્ડેશન રાજકોટ**
**ગ્રીન ગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટ ખાંભા**

**આયોજિત પ્રથમ સર્વ જ્ઞાતિય સમૂહ લગ્નોત્સવ**

**11 દીકરીઓના ભવ્ય સમૂહ લગ્નોત્સવ**

**રાજકોટના આંગણે સમૂહ લગ્નોત્સવ**

**9824847421**
**9409699953**

## લગ્ન તારીખ..25/01/2025

જે પણ દાતાશ્રી રૂ.2100
નું દાન ટ્રસ્ટ ને આપશે
તેમનું નામ કંકોત્રીમાં
લખવામા આવશે

ઓફીસ...જય તુલજા
ભવાની તુલસી તેલ ડેપો
વિવેકાનંદ નગર કોઠારીયા
મેઈન રોડ રાજકોટ


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111
KALAVID

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



ડિજિટલ ભારતની સાથે

તમે પણ બનો ડિજિટલ...



તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ** પર

**Hi લખીને મોકલો**

**98983 17826**



અને જોડાઇ જાવ અમારી સાથે...


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

| 2 BHK Flats<br>618 Carpet | 3 BHK Flats<br>824 Carpet |
|---|---|

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**

**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062